dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -08 | Issue- 261 | AD - 2025, Jeth Vad-14 | Wednesday, Dt.25-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ભારતીયોનું લોહી વહેવડાવનારાઓ માટે કોઈ પણ જગ્યા સુરક્ષિત નથી

# આતંકવાદ સામે ભારતની કડક નીતિ વિશ્વ સમક્ષ સ્પષ્ટ : મોદી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના બે મહાન આધ્યાત્મિક અને નૈતિક નેતાઓ, શ્રી નારાયણ ગુરુ અને મહાત્મા ગાંધી વચ્ચેની ઐતિહાસિક વાતચીતના શતાબ્દી ઉજવણીના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન, પીએમ મોદીએ 'ઓપરેશન સિંદૂર'નો પણ ઉલ્લેખ કર્યો. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે ભારતે ૨૨ મિનિટમાં દુશ્મનોને કેવી રીતે ઘૂંટણીયે પડવા મજબૂર કર્યા. તેમણે કહ્યું કે દુનિયાએ તાજેતરમાં જ જોયું છે કે ભારતની ક્ષમતા શું છે. ઓપરેશન સિંદૂરથી આતંકવાદ સામે ભારતની કડક નીતિ વિશ્વ સમક્ષ સ્પષ્ટ થઈ ગઈ છે. અમે બતાવ્યું છે કે ભારતીયોનું લોહી વહેવડાવનારાઓ માટે કોઈ પણ જગ્યા સુરક્ષિત નથી. આજનું ભારત રાષ્ટ્રીય હિતમાં જે યોગ્ય છે તે મુજબ પગલાં લે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, 'આજે આ કેમ્પસ દેશના ઈતિહાસની એક અભૂતપૂર્વ ઘટનાને યાદ કરવાનું સાક્ષી બની રહ્યું છે. એક ઐતિહાસિક ઘટના, જેણે આપણા સ્વતંત્રતા આંદોલનને નવી દિશા જ આપી નહીં, પણ સ્વતંત્રતાના ઉદ્દેશ્યને નવો અર્થ પણ આપ્યો. ૧૦૦ વર્ષ પહેલાં શ્રી નારાયણ ગુરુ અને મહાત્મા ગાંધીની તે મુલાકાત આજે પણ એટલી જ પ્રેરણાદાયક અને સુસંગત છે જેટલી તે સમયે હતી.'વડાપ્રધાન મોદીએ કહ્યું, '૧૦૦ વર્ષ પહેલાંની તે મુલાકાત આજે પણ સામાજિક સંવાદિતા માટે, વિકસિત ભારતના સામૂહિક ધ્યેયો માટે ઉર્જાના સ્રોત જેવી છે. આ ઐતિહાસિક પ્રસંગે, હું શ્રી નારાયણ ગુરુને નમન કરું છું અને મહાત્મા ગાંધીને પણ શ્રદ્ધાંજલિ આપું છું.'વડાપ્રધાન મોદીએ કહ્યું,



'શ્રી નારાયણ ગુરુના આદર્શો સમગ્ર માનવતા માટે એક વિશાળ સંપત્તિ છે. જે લોકો દેશ અને સમાજની સેવા કરવાના સંકલ્પ સાથે કામ કરે છે, તેમના માટે શ્રી નારાયણ ગુરુ દીવાદાંડી જેવા છે.

આપ સૌ જાણો છો કે સમાજના શોષિત, પીડિત, વંચિત વર્ગ સાથે મારો શું સંબંધ છે અને તેથી જ આજે પણ જ્યારે હું સમાજના શોષિત, પીડિત, વંચિત વર્ગ માટે નિર્ણય લઉં છું, ત્યારે મને ગુરુદેવનું ચોક્કસ સ્મરણ થાય છે.'પીએમ મોદીએ કહ્યું, 'ભારતની વિશેષતા એ છે કે જ્યારે પણ આપણો દેશ મુશ્કેલીઓના વમળમાં ફસાઈ જાય છે, ત્યારે દેશના કોઈ ખૂણામાં કોઈ મહાન વ્યક્તિત્વનો જન્મ થાય છે અને સમાજને નવી દિશા બતાવે છે. કેટલાક સમાજના આધ્યાત્મિક ઉત્થાન માટે કામ કરે છે, જ્યારે કેટલાક સામાજિક ક્ષેત્રમાં સામાજિક સુધારાઓને પ્રોત્સાહન આપે છે. શ્રી નારાયણ ગુરુ ખૂબ જ મહાન સંત હતા.'પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, 'તાજેતરમાં આપણે વિશ્વ યોગ દિવસ ઉજવ્યો. આ વખતે યોગ દિવસની થીમ હતી - એક પૃથ્વી, એક આરોગ્ય. આ પહેલા પણ ભારતે વિશ્વ કલ્યાણ માટે એક વિશ્વ, એક આરોગ્ય જેવી પહેલ કરી છે. આજે, ભારત ટકાઉ વિકાસ તરફ એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રીડ જેવી વૈશ્વિક ચળવળોનું નેતૃત્વ કરી રહ્યું છે. જ્યારે ભારતે ૨૦૨૩ માં G20 સમિટનું નેતૃત્વ કર્યું હતું, ત્યારે થીમ એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય હતી. વસુધૈવ કુટુંબકમનો ખ્યાલ આપણા આ પ્રયાસો સાથે જોડાયેલો છે. પીએમએ કહ્યું કે દુનિયાએ તાજેતરમાં જ જોયું છે કે ભારતની ક્ષમતા શું છે. ઓપરેશન સિંદૂરથી આતંકવાદ સામે ભારતની કઠિન નીતિ વિશ્વ સમક્ષ સ્પષ્ટ થઈ ગઈ છે. અમે બતાવ્યું છે કે ભારતીયોનું લોહી વહેવડાવનારાઓ માટે કોઈ પણ જગ્યા સુરક્ષિત નથી. આજનું ભારત રાષ્ટ્રીય હિતમાં જે યોગ્ય છે તે મુજબ પગલાં લે છે.


ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
વધારાની આવક મેળવો અને આર્થિક રીતે સ્વતંત્ર બનો
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA LIFE INSURANCE ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli







## બે મદદગારોએ પહેલગામ હુમલાના ત્રણ આંતકીઓને ઓળખી બતાવ્યા

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૨૪

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલામાં, આતંકવાદીઓએ નિર્દોષ લોકોને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા હતા. હુમલા બાદ આતંકવાદીઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. તેમને બે સ્થાનિક લોકો દ્વારા આશ્રય આપવામાં આવ્યો હતો, જેમની રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. સોમવારે તેમને સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં કોર્ટે તેમને ૫ દિવસના રિમાન્ડ પર મોકલી દીધા છે.એનઆઈએએ જણાવ્યું હતું કે પહેલગામ હુમલાના સંબંધમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછ દરમિયાન, તેઓએ તેમાં સામેલ ત્રણ આતંકવાદીઓની ઓળખ અંગે વિગતો જાહેર કરી છે. એજન્સીએ આતંકવાદીઓની ઓળખ અંગે પૂરતા પુરાવા એકત્રિત કર્યા છે. આમાં પીડિતોના પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો, વીડિયો ફૂટેજ, ટેકનિકલ પુરાવા અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલા સ્કેચનો સમાવેશ થાય છે. આ બધા પુરાવાઓનું કાળજીપૂર્વક વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. NIA એ ખાતરી આપી છે કે તપાસ વ્યાવસાયિક રીતે હાથ ધરવામાં આવી રહી છે અને આતંકવાદી હુમલાના તમામ પાસાઓની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. આતંકવાદીઓની ઓળખ અને અન્ય વિગતો યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે.













# સ્વ. વિજયભાઈ રૂપાણીએ અમરેલી જિલ્લાના વિકાસ માટે યાદગાર કામગીરી કરી છે: હીરેન હિરપરા

અમરેલી,તા.૨૪

અમદાવાદની વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીએ અમરેલી જિલ્લાના વિકાસ માટે અનેક વિકાસ કાર્યો કર્યા હોવાનું ભાજપ અગ્રણીએ જણાવ્યું છે. સ્વ.વિજયભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં અમરેલી જિલ્લા ભા.જ.પ પૂર્વ પ્રમુખ હીરેન હિરપરાએ જણાવ્યું હતું કે, વિજયભાઈ જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે અમરેલી જિલ્લાના મહત્ત્વના પ્રશ્નો જેવા કે, લોકોનું સ્થળાંતર અટકે અને સ્થાનિક કક્ષાએ જ રોજગારી ઉભી થાય તે માટે લાઠી, સાવરકુંડલા, અને રાજુલા ખાતે G.I.D.C મંજુર કરી હતી. ઉપરાંત અમરેલી



જિલ્લાને વિશ્વના ટુરીઝમ નકશામાં સ્થાન મળે અને સામાન્ય લોકોને પણ રોજગારી મળે તે માટે આંબરડી સફારી પાર્કની મંજૂરીથી લોકાર્પણ સુધી સક્રિય રહ્યા હતા. બગસરા માટે ખૂબ જ જરૂરી એવી નવી પ્રાંત કચેરી તેમના સમયમાં મંજુર કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં આવેલા ધાર્મિક સ્થાનોના વિકાસ સાથે ધાર્મિક ટુરીઝમ સર્કિટ બનાવવાની શરૂઆત ભુરખીયા હનુમાનજી મંદિરથી કરી હતી.

## દૈનિક ૨૦ લાખ લીટર પાણીની ઘટ, હજુ નર્મદાની લાઈન પર આધાર રાખવો પડે તેવી સ્થિતિ

# પાણી વેરો વધાર્યા બાદ બગસરામાં પાણીકાપથી શહેરીજનોમાં રોષ

બગસરા,તા.૨૪

સમગ્ર રાજયમાં મેઘરાજનું આગમન થઈ ચુકયુ છે ત્યારે બગસરામાં જ તળ ઉંચા આવે તેવો વરસાદ ન થતા શહેરમાં છેલ્લાં ૨૦ દિવસથી પાણીકાપ ઝીંકવામાં આવ્યો છે. પાણીકાપથી શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે અને ફરી એકાંતરા પાણી વિતરણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. બગસરા નગરપાલિકાએ આ વર્ષે પાણીવેરામાં ૫૦%નો વધારો ઝીંકી દીધો હતો. પાણીવેરો વધાર્યા બાદ નગરપાલિકાએ એકાંતરા પાણી આપવાને બદલે હવે ત્રણ દિવસે પાણી વિતરણ કરી નાખતા શહેરીજનોમાં પાલિકાની નીતિ સામે રોષ ફેલાયો છે. આ અંગે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરને દૈનિક ૨૦ લાખ લીટર પાણીની ઘટ પડે છે. પાંચ કૂવા, ૨૦ મોટર સતત ૨૪ કલાક ચાલુ રહે છે. પરંતુ નર્મદાનું પાણી બંધ થતા લોકોની મુશ્કેલી પડી રહી છે. પાણીની ઘટના કારણે છેવાડા વિસ્તારોમાં પાણી પહોંચી શકતુ નથી. જેથી શહેરીજનો દ્વારા ફરી એકાંતરા પાણી મળે અથવા તો વેરો ઘટાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ધારીમાં લાઈનપરાથી વેકરીયાપરા વચ્ચે યુવકનો મોબાઈલ પડી ગયો

ધારી, તા.૨૪

ધારીમાં લાઈનપરાથી વેકરીયાપરા વચ્ચે યુવકનો મોબાઈલ પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. નિલેશભાઈ કરશનભાઈ પીઠીયા (ઉ.વ.૩૭)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ લાઈનપરામાં આવેલ પોતાની વાડીએથી વેકરીયાપરા ધારી પોતાના ઘર તરફ આવતી વખતે ૨૨૯૯૯ રૂપિયાની કિંમતનો મોબાઈલ ફોન પડી ગયો હતો.

જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી જે વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીની દામાણી પ્રા.શાળામાં નોટબુકનું વિતરણ

ધારી,તા.૨૪

ધારીની શ્રી એસ.એન. દામાણી પ્રાથમિક શાળા ખાતે નોટબુક વિતરણ કરવામાં આવ્યું હતું. નવમી ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ, વલસાડ તરફથી આ શિક્ષણ સહાય પૂરી પાડવામાં આવી હતી. દાતા રાજેશભાઈ ચીમનલાલ પંચમિયા અને હર્ષભાઈ પિયુષભાઈ બજરિયા દ્વારા નોટબુક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લા


તસવીર : સંજય વાળા

ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી, કિસાન મોરચાના પરેશભાઈ પટણી, જૈન સમાજના પ્રમુખ ભરતભાઈ શેઠ, કોન્ટ્રાક્ટર કાળુભાઈ લિંબાસિયા સહિત મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય અતુલભાઈ અને જીજ્ઞેશભાઈ ગોસ્વામીએ કાર્યક્રમના આયોજનમાં સહયોગ આપ્યો હતો. શાળાના દરેક કાર્યક્રમના દાતા પિયુષભાઈ ઉમેદભાઈ બજરિયાનું શાળા પરિવાર વતી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત, વાઘાપરા પ્રાથમિક શાળાને ૬૦૦ નોટબુક્સ અને લાઈનપરા પ્રાથમિક શાળાને ૩૫૦ નોટબુક્સનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમરેલી એલસીબી ટીમે સાવરકુંડલામાંથી દારૂની ૫૦ બોટલ સાથે ફાયનાન્સરને ઝડપ્યો

સાવરકુંડલા, તા.૨૪

અમરેલી એલસીબી ટીમે સાવરકુંડલામાંથી દારૂની ૫૦ બોટલ સાથે ફાયનાન્સરને ઝડપીને ધોરણસરની કાર્યવાહી કરી હતી.

મૂળ મોરબીનો અને હાલ સાવરકુંડલામાં રહી ફાયનાન્સનો ધંધો કરતો અભિષેકભાઈ ઉર્ફે અભિ નીરજભાઈ બારૈયા (ઉ.વ.૨૫) સાવરકુંડલામાં જુના બસ સ્ટેન્ડ પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૫૦ બોટલ સાથે ઝડપાયો હતો. આ ઉપરાંત જિલ્લામાં વિવિધ સ્થળેથી ૭ મહિલા સહિત ૧૮ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ૧૬ ઈસમો કેફી પીણુંને ફરતા મળી આવ્યા હતા.

# મનીષ સંઘાણીના જન્મદિવસની વિવિધ સંસ્થાઓ દ્વારા ઉજવણી

અમરેલી,તા.૨૪

ગુજરાત પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને રાજકીય, સામાજિક તથા સહકારી ક્ષેત્રે લોકપ્રિય યુવા આગેવાન મનીષ દિલીપભાઈ સંઘાણીના જન્મ દિવસ નિમિત્તે વિવિધ સંસ્થાઓ દ્વારા અનેકવિધ સેવા પ્રવૃત્તિઓનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત, સાવરકુંડલા તાલુકાના કમી ગામે માનવ સ્મૃતિ જન કલ્યાણ વિકાસ ટ્રસ્ટ દ્વારા વિકલાંગ બાળકોને અલ્પાહાર આપવામાં આવ્યો હતો. ગાયત્રી મંદિર ખાતે શિવ પૂજન અને આયુષ્ય યજ્ઞ યોજાયા હતા, જ્યારે હોમિયોપેથી સર્વરોગ નિદાન કેમ્પનું પણ આયોજન થયું હતું. યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું હતું. મહિલા વિકાસ ગૃહ



ખાતે બાળાઓને ભોજન અને કીટ વિતરણ કરાયું, અંધશાળા અને બહેરા-મૂંગા શાળામાં બાળકોને ભોજન કરાવવામાં આવ્યું. લાઠી રોડ પર ગાયોને ઘાસચારો અને સરદારપાર્ક લાઠી રોડ પર વૃક્ષારોપણ સાથે બટુક ભોજન કરાયું હતું. પ્રતાપપરા ખાતે નિરાધાર બાળકોને ભોજન, કુંકાવાવ ખાતે વૃક્ષારોપણ, ગાયોને લીલો ઘાસચારો અને બાળકોને ફૂડ પેકેટ વિતરણ કરાયા. વાવડી રોડ ખાતે વૃક્ષારોપણ અને બટુક ભોજન ,વૃદ્ધાશ્રમ (દીકરાનું ઘર) લાઠી રોડ ખાતે વડીલોને ભોજન કરાવવામાં આવ્યું, અને તપોવન આશ્રમ ખાતે પણ વડીલોને ભોજન સાથે સેવાકિય પ્રવૃતિઓથી જન્મ દિવસની ઉજવણી કરાઈ હતી.

# દામનગર-ભૂરખિયા-લાઠી માર્ગ પર સ્પીડ બ્રેકરની જરૂરિયાત

દામનગર,તા.૨૪

દામનગર, ભૂરખિયા, અને લાઠીને જોડતા માર્ગ પર વાહન અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે આ માર્ગ પર તાત્કાલિક ધોરણે સ્પીડ બ્રેકર બનાવવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા અકસ્માતો ઘટાડવા માટે જ્યાં ખરેખર જરૂર છે ત્યાં ગતિરોધકો બનાવવામાં આવતા નથી, જ્યારે



બિનજરૂરી સ્થળોએ નિયમ વિરુદ્ધ સ્પીડ બ્રેકર બનાવાઈ રહ્યા છે.લાઠીથી દામનગર વાયા રામપર, તાજપર અને ભૂરખિયા (હનુમાનજી મંદિર) વચ્ચેના માર્ગ પર અનેક જોખમી વળાંકો આવેલા છે. આ માર્ગ પર ભૂરખિયા હનુમાનજી મંદિર હોવાથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અવરજવર કરતા હોય છે, જેના કારણે અકસ્માતનું જોખમ વધુ રહે છે. હાલમાં માર્ગ પર સફેદ પટ્ટાઓ સિવાય ગતિ નિયંત્રણ માટે કોઈ નક્કર વ્યવસ્થા નથી.માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ આ માર્ગનું નિરીક્ષણ કરીને જ્યાં જરૂરી હોય ત્યાં નિયમ મુજબ સ્પીડ બ્રેકર બનાવે તેવી રાહદારીઓએ માંગ કરી છે.

# બગસરા આપાગીગા ગાદી મંદિર ખાતે અષાઢી બીજની ઉજવણી કરાશે

બગસરા,તા.૨૪

બગસરામાં આપાગીગા ગાદી મંદિરની પરંપરા અનુસાર સંતોએ સ્થાપિત કરેલ વિધિ વિધાન મુજબ આગામી તા.૨૭ને શુક્રવારના રોજ અષાઢી બીજની ઉજવણી કરવામાં આવશે. જેના ભાગ રૂપે સવારે ૭ કલાકે મંગળા આરતી, હનુમાન ચાલીસાના પાઠ હોમાત્મક યજ્ઞ બાદ પૂ. આપાગીગા ગાદી મંદિર ખાતે સમસ્ત ગધઈ પરિવાર તથા પ્રજાપતિ ભુપતભાઈ લીંબાભાઈ માળવી જૂના ગંજીવાડા-બગસરાના નિવાસ સ્થાનેથી ધ્વજાનું સામૈયું વાજતે ગાજતે આપાગીગા ગાદી મંદિરે સવારે ૧૦ કલાકે આવશે. ત્યાર બાદ જગ્યાના મહંત જેરામબાપુના હસ્તે ગાદી મંદિરમાં ધ્વજા રોહણ કરવામાં આવશે.તેમજ પ્રસાદી વસ્તુ આપાગીગાના કપડા, માળા, બેરખો, કેશ,(વાળા), લાકડી તેમજ પુરોગામી સંતોની પ્રસાદીની વાસ્તુઓને પૂજન ધૂપ દીપ નિવેદ ધરાશે. ત્યાર બાદ સાંજના સમયમાં મહાઆરતીના દર્શન થશે આ મહોત્સવ માં બગસરા તેમજ ગ્રામ્ય વિસ્તારના ભાવિકો તેમજ ગાદી મંદિરના સેવકોને આ મહોત્સવમાં પધારવા તેમજ સાંજની મહા આરતીનો તેમજ પ્રસાદનો લાભ લેવા મહંત જેરામબાપુએ અનુરોધ કર્યો છે.આ મહોત્સવને સફળ બનાવવા ગીગેવ ગ્રુપ તેમજ જગ્યાના કોઠારી હરીબાપુ જહેમત ઉઠાવી રહ્યા છે.

# આજે અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં 'સંવિધાન હત્યા દિવસ' અંતર્ગત કાર્યક્રમ

અમરેલી,તા.૨૪

૨૫ જૂનના રોજ અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં અને દેશમાં 'સંવિધાન હત્યા દિવસ' નિમિત્તે લોકશાહીના મૂલ્યો માટે સંઘર્ષ કરનારા બંધારણના હિમાયતીઓને યાદ કરવાના હેતુથી વિશેષ કાર્યક્રમો યોજાવાના છે ત્યારે આ ઐતિહાસિક દિવસનું મહત્વ શું છે તે જાણવું જરુરી છે. કટોકટી શું હતી અને બંધારણનું મહત્વ યુવા પેઢીને જાણવા મળે તે અગત્યનું છે.ઈતિહાસની તવારીખમાં વર્ષ ૧૯૭૫માં તત્કાલિન વડાપ્રધાન દ્વારા ૨૫મી જૂને દેશમાં કટોકટી લાદવામાં આવી હતી. મેન્ટેનન્સ ઓફ ઈન્ટરનલ સિક્યોરિટી એક્ટ (MISA) અંતર્ગત કોઈ પણ પ્રકારની ટ્રાયલ વગર કોઈ પણ વ્યક્તિની અટકાયત કરી તેને જેલભેગા કરી દેવામાં આવતા હતા.નાગરિકોના અને પ્રેસ-મીડિયાના હક્ક અને તેમની સ્વતંત્રતાને રાતોરાત આંચકી લેવામાં આવી હતી. વર્તમાન કેન્દ્ર સરકારે કટોકટીના આ કાળા દિવસને પ્રતિવર્ષ ૨૫ જૂને 'સંવિધાન હત્યા દિવસ' તરીકે ઓળખવાની જાહેરાત કરી હતી. જેના ઉપલક્ષમાં અમરેલી મુકામે શાંતાબા મેડીકલ કોલેજના ઓડિટોરીયમ ખાતે સવારે ૧૦-૦૦ કલાકે આ કાર્યક્રમ યોજાશે.







# સા.કુંડલાના કાર્યકરને માહિતી ન આપવા બદલ અધિકારીને રૂ.૨૫૦૦૦નો દંડ

**દંડ ૪૫ દિવસમાં ભરપાઈ ન થાય તો પગારમાંથી કાપી લેવા આદેશ**

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલાના RTI કાર્યકર દીપેશભાઈ જોષીની સતત લડતને કારણે, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫નું ઉલ્લંઘન કરવા બદલ ગુજરાત માહિતી આયોગે સાવરકુંડલાના બાળ વિકાસ યોજના અધિકારી (CDPO) દક્ષાબેન ભટ્ટને રૂ.૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે.દીપેશભાઈ જોષીએ ૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ CDPO કચેરી પાસેથી માહિતી માંગી હતી. RTI કાયદા મુજબ, સરકારી કચેરીઓએ અમુક માહિતી પ્રકાશિત કરવી ફરજિયાત છે, પરંતુ આ કચેરીએ ન તો માહિતી આપી, ન તો તે ઓનલાઈન ઉપલબ્ધ હતી. માહિતી ન મળતા, જોષીએ ગુજરાત માહિતી આયોગ સમક્ષ ફરિયાદ કરી. સુનાવણી દરમિયાન, CDPO દ્વારા કોઈ પ્રત્યુત્તર ન આપતા, આયોગે RTI કાયદાની કલમ ૨૦(૧) હેઠળ કાર્યવાહી કરી અને CDPO દક્ષાબેન ભટ્ટને રૂ.૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો. આ દંડ ૪૫ દિવસમાં ભરપાઈ ન થાય તો પગારમાંથી કાપી લેવા આદેશ કરાયો છે.

# અમરેલી જિલ્લામાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીની આજે મતગણતરી

**મતગણતરી સ્થળે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાશે**

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લાની ૭૭ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં ગઈકાલે ૭૨.૭૨ ટકા મતદાન થયું હતું. ૧૨ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીમાં પણ ૫૮.૫૭ ટકા મતદાન થયું હતું. ઉમેદવારોના ભાવી મતપેટીમાં સીલ થઈ ગયા છે. અને સ્ટ્રોંગરૂમમાં આ મતપેટીઓ કેદ છે. ત્યારે ૨૫મીએ ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી કરવામાં આવશે.

સવારે ૯ કલાકથી આ મતગણતરીનો પ્રારંભ થશે. બપોર સુધીમાં આ ગ્રામ



પંચાયતમાં કોનું શાસન તે નક્કી થઈ જશે. અમરેલીમાં ફોરવર્ડ હાઈસ્કૂલ, વડીયામાં મામલતદાર કચેરી પ્રથમ માળ, લાઠીમાં તાલુકા શાળા, બાબરામાં કે.પી. આશરા હાઈસ્કૂલ મીટીંગ હોલ, સાવરકુંડલામાં કે.કે.હાઈસ્કૂલ, લીલીયામાં મામલતદાર કચેરી મીટીંગ હોલ, ધારીમાં જી.એન. દામાણી હાઈસ્કૂલ, ખાંભામાં આઈટીઆઈ, રાજુલામાં ટી.જે. બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ અને જાફરાબાદમાં મોડેલ સ્કૂલ ખાતે ગ્રામ પંચાયતની મતગણતરી થશે.

# વડીયામાં સુરગવાળા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને ૧૦૮ની સુવિધા વિશે માહિતગાર કરાયા

વડીયા,તા.૨૪

સમગ્ર રાજ્યમાં હાલ સરકાર દ્વારા મેડિકલ ઈમરજન્સીમાં તત્કાલ સારવાર માટે ૧૦૮ની સુવિધાઓ મહત્વની સેવા આપી રહી છે. આ સેવાની જાણકારી છેવાડાના લોકો સુધી પહોંચે અને તેનો ઉપયોગ મેડિકલ ઈમરજન્સીમાં કરવામાં આવે તેવા ઉમદા આશયથી શાળાના બાળકોમાં



તસવીર : કિરીટ જોટવા

૧૦૮ના સ્ટાફ દ્વારા જન જાગૃતિ માટે શાળાઓમાં ડેમોસ્ટ્રેશન કરી એમ્બયુલન્સ સુવિધા, મેડિકલ સુવિધાઓ, મેડિકલ સાધનો અને મેડિકલ આપતિમાં તાત્કાલિક સારવાર માટે શું કરવુ આ તમામ બાબતોની જાણકારી આપવામાં આવી હતી જેનો લાભ વડીયાની સુરગવાળા હાઈસ્કૂલના ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ લીધો હતો. આ કાર્યક્રમમાં ૧૦૮ના કર્મચારી કલ્પેશભાઈ કંટારીયા અને ભરતભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થઓને માહિતગાર કરાયા હતા. જેમા શાળાના આચાર્ય દિલીપ પાદરિયા, શાળાના શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓને હાજર રહ્યા હતા.

# પતિએ પત્નીને વાળ પકડી નીચે પછાડી દાતરડીનો હાથો મારી ઈજા પહોંચાડી

**જાફરાબાદના લોર ગામનો બનાવ**

જાફરાબાદ, તા. ૨૪

જાફરાબાદના લોર ગામે એક ચોંકાવનારો બનાવ બન્યો હતો. પતિએ પત્નીને વાળ પકડી નીચે પછાડી દાતરડીનો હાથો મારી ઈજા પહોંચાડી હતી. લોર ગામે રહેતા વાલીબેન શીયાળ (ઉ.વ.૩૫) એ ભરતભાઈ ખીમાભાઈ શીયાળ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા આરોપી બંને પતિ-પત્ની છે. ઘરકામની વાતને લઈને તેમને પતિ સાથે ઝઘડો થયો હતો. જેથી પતિએ વાળ પકડી નીચે પછાડી દાતરડીનો હાથો મારી માથામાં મુંઢ ઈજા કરી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના પ્રેમપરામાં માનસિક બીમાર યુવકને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

**સુરતમાં રહેતા પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૨૪

ધારીના પ્રેમપરા ઓઈલ મીલની પાસે રહેતા અને હાલ સુરતમાં રહેતા રમેશભાઈ આણંદભાઈ રાદડીયા (ઉ.વ.૬૫)એ જયદેવભાઈ દેશાભાઈ ધાધલ તથા ત્રણ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમનો દીકરો ઈજા પામનાર સાહેદ ભાવેશ માનસિક બીમાર હતો. બજારમાં ચાલતો ચાલતો બકવાસ કરતો હતો. જેથી આરોપી જયદેવભાઈને તેવું લાગતું કે આ ભાવેશ તેમને ગાળો આપે છે તેવું મનદુખ રાખી અગાઉ પણ આરોપી જયદેવભાઈએ તેમની તથા ઈજાપામનાર સાહેદ ભાવેશ સાથે માથાકુટ કરેલી હતી. સાહેદ ભાવેશને આરોપી જયદેવભાઈ તથા અજાણ્યા ત્રણ માણસો દ્વારા જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી શરીરે આડેધડ લોખંડના પાઈપ મારી ડાબા પગને ઢાંકણીના નીચેના ભાગેથી ભાંગી નાખ્યો હતો અને શરીરે મુંઢ ઈજાઓ કરી હતી. ફરિયાદ પરથી આ ઘટનાની ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં મૃતક પાછળ ચકલીના માળાનું વિતરણ કરાયું



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલા ખાતે આવેલ રાજગોર બૉર્ડિંગ ખાતે સ્વ. નાનાલાલ ગૌરીશંકરભાઈ મહેતાની પુણ્યસ્મૃતિમાં નવતર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ. નાનાલાલભાઈના પરિવારના ભત્રીજા બળવંતભાઈ મહેતા દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત તમામ સગા-સંબંધીઓને પક્ષીઓના રહેવા માટે ચકલીના માળા ભેટ આપવામાં આવ્યા હતા.

# ખાંભાના ઈંગોરાળા ગામે રેશનિંગના દુકાનદારની ગેરહાજરીમાં ખોટી સહી કરી ખરા તરીકે ઉપયોગ કરવા બદલ કાર્યવાહી

**નાયબ મામલતદારે ફરિયાદ નોંધાવી**

ખાંભા, તા. ૨૪

નાયબ મામલતદાર ઈ-ધરા હાલ-ઈન્ચાર્જ મામલતદાર, ખાંભાના રાજેશકુમાર અમરશીભાઈ પરમારે અશોકભાઈ જગજીવનભાઈ વડેરા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે નિલેશભાઈ યશલાલભાઈ વડેરા પોતે રેશનીંગની વ્યાજબી ભાવની દુકાનનો પરવાનો ધરાવે છે, તેમના તોલાટ આરોપી તેમની દુકાનનું તેમની ગેરહાજરીમાં સંચાલન કરતા હતા. તા.૦૭/૦૬/૨૦૨૨ ના રોજ તપાસણી ટીમ દ્વારા નિલેશભાઈ યશલાલભાઈ વડેરાની રેશનીંગની વ્યાજબી ભાવની દુકાનની તપાસણી કરતા તપાસણી સમયે નિલેશભાઈ યશલાલભાઈ વડેરા હાજર ન હોય, અને તેમની જગ્યાએ આરોપીએ પોતાની ઓળખ છુપાવી તપાસણી ટીમને પોતે જ નિલેશભાઈ યશલાલભાઈ વડેરા હોવા અંગેની ખોટી ઓળખ આપી વ્યાજબી ભાવની દુકાનની તપાસણી ફોર્મમાં તેમણે નિલેશભાઈ યશલાલભાઈ વડેરાની ખોટી સહી કરી હતી. તેમજ આરોપીએ અલગ-અલગ તારીખે નિલેશભાઈ યશલાલભાઈ વડેરાની રાજીનામાની અરજીમાં તેમજ રાજીનામાની અરજીમાં રજુ કરવાના જરૂરી સાધનિક કાગળોના રીપોર્ટમાં તેમજ દિન-૧૮૦ ની રજા મંજુર કરવા અંગેની અરજીમાં તેમજ દિન-૯૦ની રજા મંજુર કરવા અંગેની અરજીમાં ખોટી સહીઓ કરી તે તમામ રીપાર્ટ મામલતદાર કચેરી ખાંભા ખાતે રજુ રાખી ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના પી.આઈ. આર. જી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

**પૈસાની ઉઘરાણી કરતાં ગાળો આપી**

# ખાંભાના નવા માલકનેસ ગામે શાકભાજીના વેપારીને ઉધારમાં ગુવાર આપવો ભારે પડ્યો

**રૂ.૧ લાખથી વધુની છેતરપિંડી આચરવામાં આવી**

ખાંભા, તા.૨૪

ખાંભાના નવા માલકનેસ ગામે શાકભાજીના વેપારીને ઉધારમાં ગુવાર આપવો ભારે પડ્યો હતો. પૈસાની ઉઘરાણી કરતાં ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી વેપારી સાથે ૧.૨૦ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. બનાવ સંદર્ભે જોરૂભાઈ બાલાભાઈ પરમાર (ઉ.વ.૪૬)એ હાલ સુરત રહેતા ભરતભાઈ (ડીસવાળા) તથા અંકલેશ્વરમાં રહેતા વિશાલભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ભરતભાઈ (ડીસાવાળા)એ કુલ ૪૮,૪૨૫ રૂપિયાનો ગુવાર તેમની પાસેથી ખરીદ્યો હતો. જેમાંથી ૩૦,૦૦૦ રોકડા આપ્યા હતા અને બાકીના ૧૮,૪૨૫ આપ્યા નહોતા. જે બાદ બંનેએ મળી તેમને વિશ્વાસમાં લઈ ૧,૦૨,૦૦૦નો ગુવાર બે દિવસમાં પૈસા આપી દેવાની શરતે ખરીદ્યો હતો.

તેમણે બાકી પૈસાની ઉઘરાણી કરતાં ફોનમાં ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ પી ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૭૧/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી પ્રભાબેન જગુભાઈ વાજા
રહે. સત્યમ સોસાયટી, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**
**વકીલશ્રી બી.એન.વાઘેલા તથા ડી.બી.દેવળીયા રે.કોડીનાર,**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ શ્રી ગોવિંદભાઈ કરશનભાઈ વાઘેલા તથા શ્રી રૂડીબેન ગોવિંદભાઈ વાઘેલા નો પુત્ર શ્રી રમેશકુમાર ગોવિંદભાઈ વાઘેલા નો તા. ૦૧/૦૬/૧૯૮૨ માં કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વેલણ ગામના સને.૧૯૮૨ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૨૬/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી રમેશકુમાર ગોવિંદભાઈ વાઘેલા
રે. બી.એસ.એન.એલ. સ્ટાફ કોલોની, દિવ .....**અરજદાર**
**વકીલશ્રી બી.એન.વાઘેલા રહે.મુ.કોડીનાર, તા. કોડીનાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ શ્રી રમેશકુમાર ગોવિંદભાઈ વાઘેલાના દાદાશ્રી કરશનભાઈ ડાયાભાઈ વાઘેલાનું મરણ રજુ થયેલ સોગંદનામાના આધારે તારીખ : ૧૯૮૭ ના રોજ વેલણ ગામમાં થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના વેલણ ગામના સને.૧૯૮૭ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૨૬/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી રમેશકુમાર ગોવિંદભાઈ વાઘેલા
રે. બી.એસ.એન.એલ. સ્ટાફ કોલોની, દિવ .....**અરજદાર**
**વકીલશ્રી બી.એન.વાઘેલા રહે.મુ.કોડીનાર, તા. કોડીનાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ શ્રી રમેશકુમાર ગોવિંદભાઈ વાઘેલાના દાદીશ્રી નાથીબેન કરશનભાઈ વાઘેલાનું મરણ રજુ થયેલ સોગંદનામાના આધારે તારીખ : ૨૦૦૨ ના રોજ વેલણ ગામમાં થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના વેલણ ગામના સને.૨૦૦૨ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી
3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.



રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેકટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯

નિત્યા સ્કીન કલિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

તંત્રી લેખ

# ઈરાન-યુ.એસ યુદ્ધ: વિશ્વ વ્યાપી ઉર્જા સંકટ

મધ્ય પૂર્વના અવિરત ચાલતા યુદ્ધોને કારણે વિશ્વ વ્યાપી ઉર્જા સંકટ વધુ ને વધુ ઘેરુ બની રહ્યું છે. ઈરાન અને અમેરિકા વચ્ચે હાલમાં ચાલી રહેલા સંઘર્ષે આખા વિશ્વમાં ચિંતા અને અશાંતિ ફેલાવી છે. આ યુદ્ધની અસર માત્ર લશ્કરી ક્ષેત્રે જ નથી, પણ વિશ્વભરના ઉર્જા બજારો અને સામાન્ય લોકોના દૈનિક જીવન પર પણ થઈ રહી છે. ઈરાન એક મોટું તેલ ઉત્પાદક દેશ છે અને તે હોર્મુઝના શિયાળામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે દુનિયાના તેલના ૨૦% જેટલો વ્યાપારિક માર્ગ છે. આથી, આ વિસ્તારમાં કોઈ પણ સંઘર્ષ અથવા અસ્થિરતા વિશ્વભરના તેલ અને ગેસના ભાવો પર તાત્કાલિક અસર કરે છે. ઈરાન-યુ.એસ યુદ્ધના કારણે તેલના ભાવોમાં ઝડપી વધારો જોવા મળ્યો છે. જ્યારે અમેરિકાએ ઈરાનના ન્યુક્લિયર સુવિધાઓ પર હુમલો કર્યો, ત્યારે આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઑઈલના ભાવમાં ૪% જેટલો ઉછાળો આવ્યો. આવા ઉછાળા એટલા માટે આવે છે કે વિશ્વભરના બજારોમાં ચિંતા ફેલાય છે કે ઈરાને હોર્મુઝના રસ્તાને બંધ કરી દેવાની ધમકી આપે છે. આ રસ્તો એટલો મહત્વપૂર્ણ છે કે તે દ્વારા દરરોજ ૨૦ મિલિયન બેરલ તેલ અને વિશ્વના લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ના ૨૫% જેટલો ભાગ પસાર થાય છે. જો આ માર્ગ બંધ થાય, તો વિશ્વભરમાં તેલ અને ગેસની ભારે અછત થઈ જાય, અને ભાવો આસમાને પહોંચતા થઈ જશે. આ સંઘર્ષને કારણે વિશ્વભરની સરકારો અને ઉર્જા કંપનીઓ ચિંતિત બની ગઈ છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર નિવેદન આપીને તેલ કંપનીઓને ભાવ નીચા રાખવા કહ્યું છે, અને ઘરેલું ઉત્પાદન વધારવાની વાત કરી છે. જોકે, ઈરાનના હુમલાના ડરથી બજારોમાં તણાવ જોવા મળે છે. જો ઈરાન હોર્મુઝના રસ્તાન્ને બંધ કરે, તો વિશ્વભરમાં તેલના ભાવ $૧૫૦ પ્રતિ બેરલ સુધી પણ જઈ શકે છે, જે અત્યારે $૮૦ ની આસપાસ છે. આવા ભાવ વધારો ફક્ત ગેસ જ નહીં, પણ ખાદ્યપદાર્થો, ટ્રાન્સપોર્ટ અને ઉત્પાદનોની કિંમતો પણ વધારી દે છે, જેનાથી મોંઘવારી વધી જાય છે. ઈરાન-યુ.એસ યુદ્ધની અસર માત્ર તેલ અને ગેસના ભાવો પર જ નથી. આ સંઘર્ષ વિશ્વભરના સપ્લાય ચેઈન, વ્યાપાર અને ટેક્નોલોજી પર પણ અસર કરે છે. જો ઈરાન સાયબર હુમલા કરે અથવા તેલના ટેંકરો પર હુમલો કરે, તો વિશ્વભરના વ્યાપારી માર્ગો અસ્થિર બની જાય છે. આથી, દરેક દેશ પોતાની ઉર્જા સુરક્ષા અને સ્થિરતા માટે ચિંતિત બની ગયો છે. સામાન્ય લોકો માટે આ સંઘર્ષની અસર સીધી જ જોવા મળે છે. ગેસોલીન, ડીઝલ અને ગેસના ભાવ વધવાથી લોકોના રોજબરોજના ખર્ચમાં વધારો થાય છે. વધુમાં, મોંઘવારી અને ઉત્પાદનોના ભાવ વધવાથી આર્થિક દબાણ પણ વધે છે. આથી, લોકોની ખરીદશક્તિ ઘટી જાય છે અને જીવનધોરણ પર ખરાબ અસર પડે છે. વિશ્વભરના નેતાઓ અને ઉર્જા નિષ્ણાતો માટે આ સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો સંઘર્ષ વધુ વિસ્તૃત થાય, તો ઉર્જા સંકટ વધુ ગંભીર બની શકે છે. આથી, શાંતિ અને સંવાદની જરૂરિયાત વધી ગઈ છે. સાથે સાથે, વિશ્વે આવા સંકટોમાંથી શીખીને પોતાની ઉર્જા સુરક્ષા માટે વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતો તરફ વધુ ધ્યાન આપવું જરૂરી છે. ઈરાન-યુ.એસ યુદ્ધે વિશ્વને ઉર્જા સંકટની કગાર પર લાવી દીધું છે. આ સંઘર્ષની અસર માત્ર યુદ્ધક્ષેત્ર પર જ નથી, પણ વિશ્વભરના બજારો, સમગ્ર અર્થતંત્ર અને સામાન્ય લોકોના જીવન પર પણ થઈ રહી છે. ઉર્જા સુરક્ષા અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય સહકાર અને વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતો તરફ ધ્યાન આપવું એ જ આગળનો સાચો માર્ગ છે. ટૂંકમાં ઈરાન-યુ.એસ યુદ્ધે વિશ્વના તેલ અને ગેસના બજારોમાં ભારે તણાવ ફેલાવ્યો છે. હોર્મુઝના દરિયાઈ માર્ગ બંધ થવાની ધમકી, ઉર્જા ભાવોમાં ઉછાળો અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપ એ બધું વિશ્વને ઉર્જા સંકટની તરફ ધકેલી રહ્યું છે. આથી, શાંતિ, સંવાદ અને વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતો તરફ ધ્યાન આપવું જરૂરી છે.

## ઠેબી ડેમ નજીક દીપડાના આંટાફેરા

# અમરેલીમાં ઠેબી ડેમ નજીક દીપડાની અવરજવરથી લોકોમાં ભયનો માહોલ

**તા.પં.ના પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળે વનવિભાગને રજૂઆત કરી**

અમરેલી,તા.૨૪

અમરેલી શહેરના ચિતલ રોડ પર દીપડાની સતત અવરજવરથી સ્થાનિકોમાં ભયનો માહોલ છે. ગઈકાલે ઠેબી ડેમ પાસે દીપડાએ એક વાછરડીનો શિકાર કર્યો હતો, જેના કારણે લોકોમાં વધુ ગભરાટ ફેલાયો છે. ઠેબી ડેમએ સવાર-સાંજ ચાલવા જતા શહેરીજનો માટે આ મહત્વનું સ્થળ છે. ત્યારે આ વિસ્તારમાં દીપડાની હાજરીથી લોકોની



સુરક્ષા પર સવાલો ઉભા થયા છે. આ પહેલા પણ નાના માચીયાળા ગામમાં દીપડાએ માલધારીઓના પશુઓનું મારણ કર્યું હતું. આ ઘટનાઓને પગલે, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળે વન વિભાગને તાત્કાલિક ધોરણે પાંજરા ગોઠવી દીપડાને પકડવાની ઉગ્ર રજૂઆત કરી છે.

# બગસરામાં જાહેરનામાનો ભંગ કરતાં ચાર ઈસમો સામે કાર્યવાહી

બગસરા, તા.૨૪

બગસરા પોલીસ દ્વારા એક ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત ભાડુઆત,પરપ્રાંતીય મજુરોના વેરીફીકેશન અંગેના જાહેરનામાનો ભંગ કરનારા લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.બગસરામાં પોલીસે જાહેરનામાનો ભંગ કરતા ચાર ઈસમો સામે કાર્યવાહી કરી હતી.

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર જિલ્લા પોલીસ વડા દ્વારા સૂચના આપવામાં આવી હતી. જેમાં ત્રાસવાદી, અસામાજીક તત્વો,ઔદ્યોગિક એકમોમાં ભાડેથી મકાન,દુકાનો રાખી રહેતા લોકોનો સર્વે કરવા માટે પોલીસ તંત્રને સૂચના આપવામાં આવી હતી. અસામાજિક પ્રવૃતિઓને નિવારી શકાય તેમજ અંકુશમાં લાવી શકાય તે હેતુથી આ કાર્યવાહી કરવામાં આવી હતી.

# અમરેલીમાં સામાજીક કાર્યકરને કુહાડાથી કાપી નાંખવાની ધમકી આપી

**ફોન તથા વોઈસ મેસેજથી ગાળો પણ આપી**

અમરેલી, તા.૨૪

અમરેલીમાં રહેતા સામાજીક કાર્યકરને ફોન તથા વોઈસ મેસેજથી ગાળો આપીને કુહાડાથી કાપી નાંખવાની ધમકી આપતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ સંદર્ભે વસંતભાઈ ડાયાભાઈ ચાવડાએ મુકેશસિંહ જાડેજા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને ફોન તથા વોઈસ મેસજથી અવાર નવાર બેફામ ગાળો આપી હતી. ઉપરાંત પાંચ-છ દિવસમાં અમરેલી આવી તેને કુહાડાથી કાપી નાંખવાનો છે તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બ્રિજરાજ વાળા વધુ તપાસ કરી રહ્યા છે. આ સિવાય અમરેલીમાં રેહતા સાગરભાઈ ગોવિંદભાઈ મકવાણાએ જીતુભાઈ જગાભાઈ પરમાર, વિરાભાઈ વેલશીભાઈ પરમાર, સુરેશભાઈ ગોપાલભાઈ રાઠોડ તથા સનીભાઈ ગોપાલભાઈ રાઠોડ સામે અગાઉના મનદુખમાં તેમને ફોન કરી ગાળો બોલી, જાનથી મારવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી.

# સાવરકુંડલામાં એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલમાં શાળાકીય ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

સાવરકુંડલા. તા. ૨૪

તારીખ૨૧-૬-૨૦૨૫ના રોજ એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલ ખાતે શાળાકીય ક્રિકેટ ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ટૂર્નામેન્ટમાં વિવિધ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ઉત્કૃષ્ટ રમતગમતના માધ્યમથી તેમની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. આ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલી ટીમને ટ્રોફી આપી સન્માનિત



કરવામાં આવી હતી. ઉપરાંત, ટૂર્નામેન્ટ દરમિયાન શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડી "મેન ઓફ ધ સીરીઝ" તરીકે પસંદ કરવામાં આવ્યા અને તેમને મેડલ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આજની મેચમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી "મેન ઓફ ધ મેચ" બનેલ ખેલાડીને શીલ્ડ આપી વિશેષ સન્માન કરાયું હતું.

## સામ સામી ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી

# રાજુલાના ચાંચ દાડમા વિસ્તારમાં નીલગીરીનું ઝાડ કાપવા મુદ્દે કુટુંબીજનોમાં બબાલ

રાજુલા, તા.૨૪

રાજુલાના ચાંચ દાડમા વિસ્તારમાં નીલગીરીનું ઝાડ કાપવા મુદ્દે કુટુંબીજનોમાં માથાકૂટ થઈ હતી. બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. ભીખાભાઈ દાદુભાઈ ગુજરીયાએ જીવરાજભાઈ હરજીભાઈ ગુજરીયા, મનસુખભાઈ હરજીભાઈ ગુજરીયા, વિજયભાઈ નવઘણભાઈ ગુજરીયા, અજયભાઈ નવઘણભાઈ ગુજરીયા તથા મંજુબેન નવઘણભાઈ ગુજરીયા સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ કાપેલું નીલગીરીનું ઝાડ તેમની વાડીમાં પડતાં તેમણે ઠપકો આપતાં સારું નહોતું લાગ્યું. જેથી તેને પકડી રાખી ગાલ પર લપાટ મારી હતી. આ દરમિયાન માથાના ભાગે લોખંડના સળિયા મારતાં ટાંકા આવે તેવી ઈજા થઈ હતી. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે બાદ જીવરાજભાઈ હરજીભાઈ ગુજરીયાએ ભીખાભાઈ દાદુભાઈ ગુજરીયા, દાદુભાઈ જીણાભાઈ ગુજરીયા, રખુબેન દાદુભાઈ ગુજરીયા તથા વસંતબેન ભીખાભાઈ ગુજરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે,તેઓ તથા સાહેદ પોતાની વાડીમાં નીલગીરીનું ઝાડ કાપતા હતા ત્યારે નીલગીરી આરોપીની વાડીમાં પડતા તેઓ હાથમાં લોખંડનો સળીયો લઈને આવ્યા હતા. તેમજ સાહેદ હરજીભાઈના માથા ઉપર એક ઘા મારી સામાન્ય ઈજા કરી હતી. ઉપરાંત સાહેદ ઝીણાભાઈને ધક્કો મારીને નીચે પછાડી દઈ જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી વી પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાંથી ૧૦ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૦ પ્યાસીને પકડી ધોરણસરની કાર્યવાહી કરી હતી. લાઠીમાંથી ૫ લીટર, જાફરાબાદમાંથી ૨ લીટર, અમરેલીમાંથી ૩ લીટર તથા ડુંગર ગામેથી ૧ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૬૯ |
| ઘઉં લોકવન | ૪૯૯ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૫૭૨ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૮૫૭ |
| બાજરી | ૩૭૦ | ૪૨૬ |
| તુવેર | ૧૦૭૦ | ૧૩૦૫ |
| ચણા પીળા | ૯૯૧ | ૧૧૨૦ |
| ચણા સફેદ | ૧૨૬૫ | ૧૯૭૫ |
| અડદ | ૧૧૮૬ | ૧૪૧૫ |
| મગ | ૧૩૩૦ | ૧૬૪૪ |
| વાલ દેશી | ૩૩૦ | ૧૧૯૦ |
| ચોળી | ૧૪૦૦ | ૨૦૦૦ |
| મઠ | ૯૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૧૧૩૦ | ૨૦૧૫ |
| રાજમા | ૧૧૦૦ | ૧૩૮૦ |
| સીંગદાણા | ૧૪૫૦ | ૧૬૩૫ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૧૫૦ |
| મગફળી જીણી | ૯૮૪ | ૧૧૫૨ |
| અળશી | ૧૩૫૧ | ૧૩૫૧ |
| તલી | ૧૪૦૦ | ૨૧૭૦ |
| સુરજમુખી | ૧૦૭૫ | ૧૦૭૫ |
| એરંડા | ૧૧૬૦ | ૧૩૦૫ |
| અજમો | ૭૫૦ | ૧૫૯૦ |
| સુવા | ૭૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૫૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૨૭૫૦ | ૩૪૩૫ |
| લસણ | ૭૭૫ | ૧૪૨૧ |
| ધાણા | ૧૧૨૦ | ૧૩૨૫ |
| ધાણી | ૧૨૫૪ | ૧૪૬૦ |
| વરીયાળી | ૮૬૦ | ૧૨૪૦ |
| જીરૂ | ૩૪૧૧ | ૩૭૮૪ |
| રાય | ૧૧૫૦ | ૧૩૫૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| અશેરીયો | ૧૩૨૦ | ૧૩૨૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૨૦ |
| રજકાનું બી | ૪૧૫૦ | ૫૫૧૫ |
| ગુવારનું બી | ૯૫૦ | ૯૮૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૫૫૦ |
| લીંબુ | ૧૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૭૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૩૫૫ |
| ટમેટા | ૩૫૦ | ૫૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૮૦૦ | ૧૪૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૫૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૩૦૦ | ૫૫૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૫૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૫૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૪૩૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૪૦ | ૧૬૫૮ |
| શિંગ મઠડી | ૧૦૦૩ | ૧૦૭૯ |
| શિંગ મોટી | ૭૮૫ | ૧૨૧૦ |
| શિંગ દાણા | ૧૧૦૦ | ૧૭૬૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૪૬૫ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૫૬૦ |
| તલ કાળા | ૨૦૮૦ | ૩૩૦૦ |
| તલ કાશ્મીરી | ૧૫૫૮ | ૨૩૫૦ |
| બાજરો | ૩૦૦ | ૪૧૯ |
| જુવાર | ૩૨૦ | ૮૧૫ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૫૪૫ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૩૫ |
| મકાઈ | ૨૬૫ | ૪૦૦ |
| મગ | ૧૨૮૦ | ૧૪૧૫ |
| અડદ | ૭૦૦ | ૧૩૨૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૯૮ |
| સફેદ ચણા | ૧૦૬૯ | ૧૦૭૨ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૬૦ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૯૫ |
| જીરૂ | ૧૭૦૦ | ૩૪૧૫ |
| રાયડો | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ધાણી | ૧૦૭૦ | ૧૩૬૧ |
| મેથી | ૭૦૦ | ૮૭૧ |
| સોયાબીન | ૭૮૦ | ૮૧૮ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૯૦ |
| રીંગણા | ૬૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૫૫૦ | ૬૫૦ |
| કોબીઝ | ૨૫૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૬૫૦ | ૭૦૦ |
| ટમેટાં | ૪૦૦ | ૫૫૦ |
| સુરણ | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ગાજર | ૭૦૦ | ૮૨૦ |
| દુધી | ૨૫૦ | ૩૦૦ |
| કારેલા | ૭૨૦ | ૮૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| કાકડી | ૪૫૦ | ૫૨૦ |
| ગુવાર | ૧૫૫૦ | ૧૮૦૦ |
| વટાણાં | ૨૨૦૦ | ૨૪૦૦ |
| ચોળાલીલાં | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૧૨૫૦ | ૧૩૮૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૭૫૦ | ૯૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ફોદીનો | ૫૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૪૦ |
| મરચાં લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૬૦ |
| લસણ સૂકુ | ૧૫૫૦ | ૨૦૦૦ |
| મકાઇ | ૨૬૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૪૭૪ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૭૮ | ૫૩૨ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૦૬૬ |
| સિંગદાણા જાડા | ૧૩૨૧ | ૧૬૧૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૯૧ | ૧૨૫૧ |
| જીરૂ | ૨૬૦૧ | ૩૯૯૧ |
| ક્લંજી | ૧૨૦૦ | ૩૭૮૧ |
| ધાણા | ૯૫૧ | ૧૪૨૧ |
| લસણ સુકું | ૬૧૧ | ૧૨૭૧ |
| ડુંગળી લાલ | ૧૩૬ | ૩૧૬ |
| અડદ | ૯૫૧ | ૧૪૦૧ |
| તુવેર | ૪૫૦ | ૧૩૩૧ |
| મેથી | ૫૦૧ | ૮૯૧ |
| કાંગ | ૩૦૧ | ૬૦૧ |
| મગફળી જાડી | ૭૦૧ | ૧૨૧૧ |
| સફેદ ચણા | ૧૦૯૬ | ૨૦૦૧ |
| મગફળી નવી | ૮૩૧ | ૧૧૯૬ |
| તલ - તલી | ૧૩૭૬ | ૨૧૬૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૫૬૧ |
| ડુંગળી સફેદ | ૧૩૧ | ૨૮૬ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૯૧૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૫૧ |
| મગ | ૧૨૧૧ | ૧૫૮૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| વાલ | ૫૦૧ | ૮૦૧ |
| ચોળા / ચોળી | ૧૦૦૧ | ૧૭૬૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૫૧ |
| અજમાં | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ગોગળી | ૬૨૧ | ૧૦૫૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૪૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૬૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૬૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૮૦ | ૬૪૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૫૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૨૦ | ૩૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૯ |
| કોથમીર પુરા | ૫ | ૨૫ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૮ | ૨૫ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૨૫ | ૪૦ |
| ચોરા | ૩૦૦ | ૧૮૦૦ |
| કારેલા | ૧૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૮૪૦ |
| પાલક પુરા | ૫ | ૧૦ |
| **ધારી** | | |
| મગફળી | ૯૩૦ | ૧૦૩૬ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૨ |
| ચણા | ૧૦૦૫ | ૧૦૬૫ |
| શીંગ દાણા | ૧૧૫૦ | ૧૫૫૧ |
| શીંગ ફાડા | ૧૧૪૫ | ૧૨૪૦ |
| મગ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| બાજરો | ૩૪૫ | ૩૪૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૧૧ |
| **ખાંભા** | | |
| ચણા | ૯૫૧ | ૯૫૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૭૬૬ | ૭૯૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૦૧ |
| બાજરો | ૩૧૧ | ૩૧૧ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૪૯૧ |
| જુવાર | ૩૮૦ | ૬૫૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૨૦૦ |
| શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૩૪૦ |
| મગફળી | ૯૦૦ | ૯૨૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૨૦ |
| સોયાબીન | ૬૮૫ | ૮૦૮ |
| મગ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૧૮૦ |
| શીંગ દાણા | ૧૩૭૦ | ૧૪૩૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| અડદ | ૧૩૯૦ | ૧૩૯૦ |
| મેથી | ૭૬૦ | ૭૬૦ |
| લસણ | ૯૫૦ | ૯૫૦ |
| બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| ચોળી | ૧૫૦૦ | ૧૬૪૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૪૫ | ૧૬૩૫ |
| કપાસ મીડીયમ | ૧૩૫૦ | ૧૫૨૫ |
| મગફળી | ૯૯૦ | ૧૦૬૦ |
| જીરૂ | ૨૮૨૦ | ૩૫૦૦ |
| ઘઉં | ૪૭૧ | ૫૧૯ |
| તલ | ૧૫૭૦ | ૧૯૭૦ |
| તલ કાળા | ૨૬૪૦ | ૩૯૦૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૮૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૨૦ | ૧૦૬૦ |
| શીંગ મોટી | ૧૦૩૫ | ૧૧૦૦ |
| શીંગ ઉનાળુ | ૧૦૫૦ | ૧૧૮૧ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૧૫૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૬૩૬ |
| કપાસ | ૧૪૭૫ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૧૨ |
| બાજરો | ૪૦૦ | ૫૨૨ |
| મગ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૯ |
| મેથી | ૬૦૧ | ૭૫૦ |
| ધાણા | ૧૦૦૦ | --- |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૪૯૦ | ૨૦૬૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| બાજરો | ૩૨૦ | ૪૫૦ |
| ઘઉં ટુકડા | ૩૭૧ | ૫૦૮ |
| જુવાર | ૪૦૦ | ૯૧૬ |
| મગ | ૧૧૫૫ | ૧૪૦૧ |
| તુવેર | ૭૬૧ | ૧૧૧૪ |
| ચણા | ૬૦૦ | ૧૦૬૮ |
| ધાણા | ૯૫૦ | ૯૫૦ |
| સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |
| વાલ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| શીંગદાણા | ૧૪૨૧ | ૧૪૪૪ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૨૫ | ૧૧૧૮ |
| મગફળી ૩૨ નં. | ૯૪૫ | ૧૦૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૪૯૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૯ |
| જુવાર | ૬૦૦ | ૮૪૨ |
| ચોળી | ૧૦૦૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૩૭૦ | ૧૪૨૬ |
| મગ | ૧૧૮૦ | ૧૬૬૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| સફેદ તલ | ૧૩૫૦ | ૧૯૩૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૩૭૨ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૩ |
| સીંગદાણા | ૧૨૫૦ | ૧૬૮૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૪ |
| મગ | ૯૦૦ | ૧૩૮૧ |
| ચણા | ૯૫૦ | ૧૦૯૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૬ |
| મગફળી | ૮૦૦ | ૧૧૧૧ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૨૦૫૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૧૬ |
| ધાણા | ૯૦૦ | ૧૨૫૬ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૬ |
| **મહુવા** | | |
| શીંગ નવી | ૧૦૧૯ | ૧૩૭૨ |
| શીંગ ૩૯ | ૯૩૦ | ૧૦૫૮ |
| શીંગ ૩૨ | ૯૨૭ | ૧૦૫૬ |
| શીંગ જી-૨૦ | ૯૯૭ | ૧૦૭૦ |
| જુવાર | ૩૬૦ | ૮૩૫ |
| બાજરી | ૨૫૦ | ૬૦૨ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૮ |
| મકાઈ | ૩૭૮ | ૫૫૦ |
| અડદ | ૧૧૭૬ | ૧૩૦૦ |
| મગ | ૪૨૦ | ૧૪૦૬ |
| સોયાબીન | ૭૪૩ | ૭૪૩ |
| મેથી | ૭૮૦ | ૭૮૦ |
| ચણા | ૭૨૫ | ૧૧૩૭ |
| તલ સફેદ | ૧૦૧૫ | ૨૨૨૩ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૯૯ |
| તુવેર | ૫૦૦ | ૧૯૪૫ |
| ડુંગળી લાલ | ૯૧ | ૨૭૦ |
| ડુંગળી સફેદ | ૧૦૮ | ૩૧૯ |
| કપાસ શંકર | ૧૩૮૭ | ૧૬૭૦ |
| નાળીયેર | ૭૦૨ | ૨૬૫૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૬૦૦ | ૭૯૦ |
| બાજરો | ૩૯૫ | ૫૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૬ |
| મગ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૯૫ |
| તુવેર | ૭૨૦ | ૧૩૪૫ |
| ચોળી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૭૫૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૮ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૧૯૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૨૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૮૭ |
| તલ | ૧૭૦૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૩૦૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૮૫ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૬૫ |
| લસણ | ૫૭૫ | ૧૩૪૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૮૦ |
| અજમો | ૭૫૦ | ૨૩૫૦ |
| ધાણા | ૬૭૦ | ૧૨૭૫ |
| ધાણી | ૧૦૦૦ | ૧૩૬૫ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૩૦૦ |
| ડુંગળી નાસિક | ૨૦૦ | ૪૨૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૮૭૦ |

સંજોગ ન્યૂઝ
ઉત્સવ
બુધવાર, 25 જૂન, 2025




લાગે તો તીર : - વળી થોડાંક દિવસમાં તાલુકા કક્ષાએ સર્વરોગ નિદાન કેમ્પ થયો 06

# અમેરિકા ઈરાનને કેમ વિલન માને છે ?

બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા





અમેરિકાએ ઈરાન પર આક્રમણ કરી દીધું.

અમેરિકાએ પહેલાં ઈઝરાયલ મારફતે ઈરાન પર હુમલો કરાવેલો ને પછી પોતે સીધું આક્રમણ કરીને અમેરિકાએ ઈરાનમાં ૩ પરમાણુ મથકો સાફ કરી નાખ્યાં. ભારતીય સમય મુજબ રવિવારે સવારે ૪:૩૦ વાગ્યે હુમલો કરીને અમેરિકાનાં બોમ્બર્સે ફોર્ડો, નતાંજ અને ઈસ્ફહાન એ ત્રણ પરમાણુ મથકોનો સફાયો કરી દીધો. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને શાંતિથી રહેવા અપીલ કરીને ધમકી પણ આપી છે કે, ઈરાન હજુ પણ શાંતિથી નહી રહે તો ભવિષ્યના હુમલા વધુ ભયાનક હશે.

ટ્રમ્પના કહેવા પ્રમાણે, અમેરિકાનો ઉદ્દેશ્ય ઈરાનની પરમાણુ શસ્ત્રો વિકસાવવાની ક્ષમતાનો નાશ કરીને પરમાણુ બોમ્બના ખતરાને કાયમ માટે નાબૂદ કરવાનો છે. છેલ્લા ૪૦ વર્ષથી ઈરાન અમેરિકા વિરુદ્ધ કામ કરી રહ્યું છે અને ઘણા અમેરિકનો તેનો ભોગ બન્યા છે. મેં નક્કી કર્યું છે કે, આ બધું હવે ચાલશે નહીં તેથી ઈરાને સુધરી જવું પડશે. ટ્રમ્પે ફિલ્મી ડાયલોગ ફટકાર્યો છે કે, ઈરાનમાં કાં શાંતિ રહેશે અથવા વિનાશ. ઈરાને પોતાને શું જોઈએ છે એ નક્કી કરવાનું છે.

ઈરાને અમેરિકાના હુમલા સામે ગણગણાટ કર્યો છે પણ વળતો હુમલો નથી કર્યો એ જોતાં ઈરાન શાંતિથી બેસી જશે એવું લાગે છે. ઈરાન શાંતિ જાળવે એ તેના અને દુનિયાના ફાયદામાં પણ છે કેમ કે ઈરાન યુધ્ધમાં સામેલ થાય તેના કારણે મિડલ ઈસ્ટમાં અશાંતિ સર્જાય. તેના કારણે ક્રુડ ઓઈલના ભાવ વધે ને આખી દુનિયાનાં આર્થિક સમીકરણો બગડી જાય. ઈરાનમાં તો તબાહી થાય જ પણ બીજા દેશોએ વગર લેવેદેવે ભોગવવું પડે તેથી ઈરાનના શાસકોને સદબુધ્ધિ સૂઝે એવી આશા રાખીએ.

■■■

અમેરિકા ઈરાનને કેમ ખતરો માને છે ?

અમેરિકાનું કહેવું છે કે, ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો હશે તો દુનિયા પર ખતરો ઉભો થશે કેમ કે ઈરાન કટ્ટરવાદી હોવાથી ગમે તેના પર પરમાણુ બોમ્બ ઝીંકી શકે છે. અમેરિકાની દલીલ વાહિયાત છે કેમ કે કોઈ પણ દેશ પરમાણુ શસ્ત્રો પોતાના બચાવ માટે અને દુશ્મનોને ડરાવવા માટે બનાવે છે, બીજા દેશ પર હુમલો કરવા માટે નહીં. એક સમયે અમેરિકા ભારતને પરમાણુ બોમ્બ બનાવતાં આ રીતે જ રોકતું હતું પણ ઈન્દિરા ગાંધીએ ૧૯૭૪માં પોખરણમાં પરમાણુ પરીક્ષણ કરાવીને અમેરિકાને ચાટ પાડી દીધેલું. અમેરિકાએ ભારત પર પ્રતિબંધો મૂકવા સહિતના બહુ ઉધામા કરેલા પણ ભારતે મચક નહોતી આપી. અટલ બિહારી વાજપેયીએ ૧૯૯૮માં ફરી પરમાણુ પરીક્ષણ કર્યું ત્યારે પણ અમેરિકાએ એ નાટકો ફરી કરેલાં પણ વાજપેયી પણ ગાંઠ્યા નહોતા.

ઈરાન પણ અમેરિકાને ગાંઠતું નથી.

ઈરાન પણ દુનિયાનો એક માત્ર શિયા દેશ હોવાથી પોતાના સંરક્ષણ માટે પરમાણુ શસ્ત્રો બનાવી રહ્યો છે કે જેથી કોઈ દેશ તેના પર હુમલો કરવાની હિંમત ના કરે. અમેરિકા એવું ચિત્ર ઉભું કરી રહ્યું છે કે જાણે ઈરાન પરમાણુ બોમ્બ બનાવીને દુનિયાને ખતમ કરી નાખશે. અમેરિકા આ ગંદી ચાલ વરસોથી રમે છે કે જેથી દુનિયા પર તેનું વર્ચસ્વ જળવાઈ રહે.

ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવે તેના કારણે દુનિયા પર એવો મોટો ખતરો નથી પણ અમેરિકા આ ગંદી રમત રમે છે કેમ કે ઈરાન અમેરિકાને ગણકારતું નથી. અમેરિકા દુનિયાભરના દેશોમાં ઘૂસીને ધંધો કરે છે, શસ્ત્રો આપે છે અને દાદાગીરી કરીને તેમના કુદરતી સંસાધનો બથાવી પાડે છે. ઈરાનમાં અમેરિકાને એન્ટ્રી નથી તેથી ઈરાનમાંથી અમેરિકાને કોઈ કમાણી નથી થતી. આ કારણે અમેરિકા ઈરાનને વિલન ચિતરે છે.

■■■

એક સમયે ઈરાન અમેરિકાનું પીઠ્ઠુ હતું.

ઈરાનમાં શિયા નેતા આયાતોલ્લાહ ખોમૈનીએ ૧૯૭૯માં સત્તા કબજે કરી એ પહેલાં શાહનું શાસન હતું. ઈરાનના શાહ મોહમ્મદ રઝા પહેલવી અમેરિકાના પીઠ્ઠુ હતા તેથી ઈરાનમાં અમેરિકા મનમાની કરતું. શાહે ઈરાનના ક્રુડ ભંડાર અમેરિકાની કંપનીઓ માટે ખોલી દીધા હતા. વિશ્વના ક્રુડ ઉત્પાદનમાં ૧૪ ટકા હિસ્સો ધરાવતા ઈરાનના ક્રુડ ભંડારમાંથી અમેરિકા અબજો ડોલર કમાતું હતું. અમેરિકન રીયલ એસ્ટેટ કંપનીઓ તહેરાન સહિતનાં શહેરોમાં મોટા મોટા પ્રોજેક્ટ કરતી ને લક્ઝુરીયસ બ્રાન્ડ્સના ભવ્ય શોરૂમ ઈરાનમાં ખોલી દેવાયેલા.

આયાતોલ્લાહ ખોમૈનીએ ૧૯૭૯માં શાહને ઉખેડી ફેંકીને સત્તા કબજે કરી એટલે અમેરિકા સાથે ઈરાનના સંબંધો બગડ્યા. સોવિયેત રશિયાની મદદથી ખોમૈનીએ સત્તા કબજે કરી હોવાનું અમેરિકા માનતું તેથી ગુસ્સામાં હતું જ. બાકી હતું તે ખોમૈનીએ અમેરિકાની કંપનીઓને બિસ્તરા-પોટલા બંધાવીને રવાના કરી દીધી તેથી અમેરિકા ભડક્યું. ખોમૈનીને ઉથલાવીને ઈરાનની સત્તા કબજે કરવા અમેરિકાએ ઈરાકના સદામ હુસૈનને આગળ કરેલા. ઈરાન-ઈરાક યુધ્ધ વરસો ચાલ્યું તેમાં અમેરિકાએ ઈરાકને તમામ મદદ કરી હતી પણ ઈરાનને નમાવી ના શકાયું.

અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો લદાવ્યા છતાં ઈરાન પોતાનું અસ્તિત્વ તો ટકાવી જ ગયું , ઉલટાનું ઈરાન વધારે મજબૂત બનતું ગયું. ઈરાને પરમાણુ શસ્ત્રો પણ વિકસાવવા માંડ્યાં ને એ રીતે અમેરિકા સામે પડકાર બનીને ઉભું રહ્યું. મુસ્લિમ રાષ્ટ્રોમાં ઈરાન સૌથી શક્તિશાળી અને સ્વતંત્ર રાષ્ટ્ર બનીને ઉભર્યું પછી ૨૦૧૫માં અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ઈરાન સાથે પરમાણુ સમજૂતી કરીને ઈરાન પર મૂકેલા પ્રતિબંધો દૂર કરવા પડેલા.

અમેરિકાનાં આ પગલાંથી ઈઝરાયેલ અને સાઉદી અરબ બંને નારાજ હતા. અમેરિકા-ઈરાન સમજૂતીમાં મુખ્ય મુદ્દો ઈરાન પરમાણુ કાર્યક્રમ બંધ કરે ને સામે અમેરિકા ઉપરાંત બ્રિટન, ફ્રાન્સ અને જર્મની સહિતના દેશો ઈરાન સામેના તમામ વ્યાપારી પ્રતિબંધો હટાવે એ હતો. ઓબામાનો ઉદ્દેશ ઈરાનને શાંત કરી દેવાનો હતો પણ ટ્રમ્પ સમજૂતીની વિરૂધ્ધ હતા ને માનતા કે આ સમજૂતીને કારણે ઈરાન મધ્યપૂર્વમાં એક શક્તિશાળી તાકાત બનીને ઊભરી આવશે. ટ્રમ્પ વેપારી માણસ છે તેથી શાંતિ નહીં પણ નાણાં અંગે વિચારે છે તેથી આક્રમક વલણ અપનાવ્યું તેમાં યુધ્ધ થઈ ગયું.

■■■

ઈરાન પર ઈઝરાયલ અને પછી અમેરિકાના હુમલા છતાં મુસ્લિમ રાષ્ટ્રો ઈરાનની મદદે કેમ ના આવ્યાં ?

કારણ છે, શિયા વર્સીસ સુન્ની જંગ.

મુસ્લિમોમાં શિયા વર્સીસ સુન્ની જંગ સદીઓથી ચાલે છે. મોહમ્મદ પયગંબર સાહેબના જમાઈ અલી ઈબ્ન અબી તાલિબ શિયા સંપ્રદાયના પહેલા ઈમામ મનાય છે. ચોથા ખલિફા અલીના પુત્ર અને પયગંબર સાહેબના દોહિત્ર હુસાન ઈબ્ન અલી એટલે કે ઈમામ હુસૈનના કારણે શિયા સંપ્રદાય અસ્તિત્વમાં આવેલો. ઈમામ હુસૈન કરબલાની શહાદતના કારણે વધારે જાણીતા થયા અને તેમના અનુયાયીઓ શિયા મુસ્લિમ કહેવાયા.


શિયા અને સુન્ની બંને ઈસ્લામમાં માને છે પણ એકબીજાના લોહીના તરસ્યા છે. સાઉદી અરેબિયા સુન્નીઓનો સૌથી તાકતવર દેશ છે જ્યારે ઈરાન શિયાઓનો તાકતવર દેશ છે. વાસ્તવમાં શિયા મુસ્લિમોનું વર્ચસ્વ હોય એવો એક માત્ર દેશ જ ઈરાન છે. વિશ્વમાં મુસ્લિમોની કુલ વસતીમાં ૮૫ ટકા સુન્ની જ્યારે ૧૪ ટકા શિયા છે. અન્ય મુસ્લિમ સમુદાયો મુસ્લિમોની કુલ વસતીમાં એક ટકાની આસપાસ છે. ઈરાન અને ઈરાક બે દેશો જ એવા છે કે જ્યાં શિયાઓની બહુમતી છે પણ ઈરાકમાં શિયા શાસન નથી તેથી ઈરાન જ શિયાઓનો આગેવાન દેશ છે.

સાઉદી અરેબિયા સુન્ની મુસ્લિમ દેશોનું આગેવાન છે. સુન્નીઓ વધારે કટ્ટરવાદી હોવાથી દુનિયાભરમાં માત્ર સુન્નીઓનું શાસન સ્થાપવા માગે છે. આ ઉદ્દેશને પાર પાડવા જિહાદના નામે ચાલતી આતંકવાદી પ્રવૃત્તિઓને પણ સુન્ની દેશો પોષે છે. બીજી તરફ ઈરાન દુનિયાના તમામ મુસ્લિમોને શિયા બનાવવા માગે છે. યમન, સીરિયા સહિતના જે દેશોમાં શિયાઓની નોંધપાત્ર વસતી છે એ દેશોમાં ઈરાન શિયા સંગઠનોને તન,મન, ધનથી મદદ કરીને શિયા શાસન સ્થાપવા માગે છે.

સાઉદીમાં લગભગ સો ટકા સુન્ની અને ઈરાનમાં લગભગ સો ટકા શિયા છે તેથી બંને દેશોમાં આંતરિક રીતે શિયા વર્સીસ સુન્નીઓનો જંગ નથી પણ શિયા-સુન્નીઓની વસતી લગભગ સરખી છે ત્યાં આતંકવાદી સંગઠનો અને પોતાના પીઠ્ઠુ જેવા નેતાઓ મારફતે સાઉદી વર્સીસ ઈરાનનો જંગ ચાલે છે. ઈરાક, સીરિયા, લેબેનોન, પેલેસ્ટાઈન, ઈજીપ્ત વગેરે દેશોમાં જંગ ચાલી રહ્યો છે અને મુસ્લિમો અંદરોઅંદર લડીને કપાઈ મરી રહ્યા છે. હમાસ, ઈસ્લામિક સ્ટેટ, અલ કાયદા વગેરે સુન્નીઓના વર્ચસ્વવાળાં સંગઠનો શિયાઓનો ખાતમો કરવા મથે છે જ્યારે હિઝબોલ્લાહ, હુથી (અંસાર અલ્લાહ) વગેરે શિયા સંગઠન ઈરાનની મદદથી શિયાઓનું પ્રભુત્વ જમાવવા કત્લેઆમ કરે છે.

અમેરિકા આ જંગનો ભરપૂર ફાયદો લે છે કેમ કે શસ્ત્રો અમેરિકા પાસેથી જ ખરીદવાં પડે છે. અમેરિકા દુનિયાને સલામત રાખવાના બહાને પોતે માલદાર થયા કરે છે. ■

sanjogpurti@gmail.com




ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

નરેન્દ્ર મોદીને ભલે બીજી ઘણી બધી રીતે બદનામ કરવામાં આવે. કોંગ્રેસના સમયની સરખામણીમાં જ્યારે એક વ્યવહાર બની ગયો હોય તેમ ભ્રષ્ટાચાર સર્વસ્વીકૃત બની ગયો છે અને ભ્રષ્ટાચાર સામેની કોઈ બૂમ પણ ભાજપીયન બ્રિગેડ ઉઠવા દેતી નથી. એવી ઘણી બધી બાબતો ભાજપ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અગેન્સ્ટમાં જાય છે. પરંતુ તેમ છતાં નરેન્દ્ર મોદી જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી અને મોદીના રસ્તે કે ભાજપના સિદ્ધાંત પર જ્યાં સુધી આ પક્ષના લોકો ચાલતા રહેશે ત્યાં સુધી ભારતમાં ભાજપને ઉની આંચ પણ નહીં આવે તેના કેટલાક કારણો છે. સૌથી મહત્વનું કારણ એ છે કે મોદીવાદી અથવા તો આરએસએસ વિચારધારા વાળી સરકારે છેલ્લા વર્ષોમાં ભારતીય સંસ્કૃતિના પુનઃસ્થાપનની જે નીતિ અપનાવી છે તે છે. તેમાં સૌથી મહત્વનું છે યોગનું મહત્વ. મોદીએ દરેક કર્મચારીને યોગ કરતા કરી દીધા છે એટલું જ નહીં ભારતીય લોકો જેને ભૂલી ગયા હતા તે યોગ હવે ઘર ઘર સુધી પહોંચતો થયો છે તેના કારણમાં આરએસએસ અને ભાજપ છે. માત્ર ઘર ઘર જ નહીં વિશ્વના દરેક દેશમાં ભારતીય જનતા પાર્ટીએ યોગને પહોંચાડ્યો છે. હવે વિશ્વમાં વિશ્વ યોગ દિવસ પણ ઉજવાતો થયો છે તેના કારણમાં પણ ભારતીય જનતા પાર્ટી છે એ બાબત બિનરાજકીય રીતે કબૂલવી પડે.

આજે બાળકથી લઈ અને વૃદ્ધો સુધીના સર્વ કોઈને માટે શારીરિક અને માનસિક સ્વસ્થતા અંગે યોગની અતિ અનિવાર્યતાની સ્વીકૃતિ પણ બની રહી છે. વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં ભારતની સંસ્કૃતિએ માત્ર આધ્યાત્મિક વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત નથી કર્યું પરંતુ, જન સામાન્યના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને માટે પણ ધ્યાન આપીને વિશ્વના પૂરા જનસમાજને યોગશાસ્ત્ર આપ્યું છે. આજથી હજારો વર્ષ પહેલાં મહર્ષિ પતંજલિજીનું યોગશાસ્ત્ર તે માત્ર પરમેશ્વરના સાક્ષાત્કાર માટે જ સાધનાનું એક સાધન નથી પરંતુ, શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું પણ તે અનિવાર્ય એક ઉપકરણ બની રહ્યું છે, તે વાતની પ્રતીતિ વિશ્વ જનસમાજને થઈ રહી છે. પૃથ્વીના ગોળા ઉપર વિભિન્ન સંસ્કૃતિ, વિભિન્ન પરંપરા, વિભિન્ન ભાષા, વિભિન્ન વેષ, અનેક ધર્મ અને સંપ્રદાયની અંદર આસ્થા ધરાવતા વિશ્વ જનસમાજને એક સૂત્રથી બાંધવાનું જો કોઈએ કામ કર્યું હોય તો તે ભારતીય યોગ છે અને તેથી સંયુક્ત રાષ્ટ્ર સંઘે પણ આ સંદર્ભમાં યોગની અનિવાર્યતા સ્વીકારીને ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાનું સ્વીકાર્યું છે. ભારતીય સંસ્કૃતિની આ વિશ્વ ફલક ઉપર યોગ સાધનાની સ્વીકૃતિ એ જ વિશ્વ જનસમાજ ઉપર બહુ જ અસરકારક રીતે પ્રતિબિંબિત થતી ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે.

■ naranbaraiya277@gmail.com

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન: વૈશ્વિક સંસ્થા...




સામાજિક અને શૈક્ષણિક



વિપુલ ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

જગત જનની મા ઉમિયા માતાનું અતિ આધુનિક ટેકનોલોજીથી જાસપુર, અમદાવાદ ખાતે સો વીઘા જમીનમાં રૂપિયા એક હજાર કરોડના નિધિ સહયોગથી સામાજિક સશક્તિકરણ કેન્દ્ર સમા જગતજનની ઉમિયા માતાના ધામનું નિર્માણ થવા જઈ રહ્યું છે. આર.પી. પટેલ સાહેબના પ્રમુખ સ્થાને હાલ ઉત્તમ કામ થઈ રહયું છે.

૨૦૧૯માં જગત જનની ઉમિયા મા ના મંદિરનું ભૂમિપૂજન દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આટલા મોટા પ્રોજેક્ટને સાકાર કરવા માટે વિશ્વના પાટીદારો સન્મુખ આર.પી. પટેલ સાહેબે આખો ડ્રાફ્ટ મૂક્યો અને તેનું અમલીકરણ કરવા માટે આપના સહયોગની અનિવાર્યતા છે. માઈક્રો પ્લાનિંગથી સો વીઘાના પરિસરમાં આ મંદિરની પરિકલ્પના સાકાર કરવા માટે સતત કટિબદ્ધ રહ્યા અને આજે ૫૪૦ પાઈલ ઉપર મંદિર નિર્માણ થવા જઈ રહ્યું છે. જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના સંકલ્પની સાથે વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ આકર્ષક મંદિર નિર્માણનું કાર્ય ચાલી રહી છે.

આ મંદિરની સાથે સાથે ધર્મ, શિક્ષણ, આરોગ્યક્ષેત્રે કાર્યરત સામાજિક અને વૈશ્વિક સંસ્થાઓ નિર્માણ થનાર છે. જેમાં ૨૩ જેટલા પ્રોજેક્ટ મૂકવામાં આવેલા છે. પરિસરમાં શૈક્ષણિક, પર્યાવરણીય, સ્પર્ધાત્મક, હોસ્પિટલ, બિઝનેસિંગ ગ્લોબલ, બિઝનેસ નેટવર્કિંગ, લગ્ન સંસ્કાર, કાનૂની માર્ગદર્શન અને વિદેશ જતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને મદદ જેવા અનેક પ્રકલ્પો ઉજાગર કરવા જઈ રહી છે. વિવિધ પ્રોજેક્ટોને અમલીકરણમાં મૂકયા છે.

આર.પી. પટેલ સાહેબે વૈશ્વિક મહામારી કોરોનાની બીજી લહેર વખતે દસ દિવસમાં ૧૨૦ બેડની હોસ્પિટલ ઉભી કરીને અનેક કોરોનાગ્રસ્ત દર્દી જેમનું ૬૦થી ઓછું ઓક્સિજન હોય તેમને આરોગ્યની સુવિધા નિ:શુલ્ક આપી હતી. કોરોનાના દર્દીઓની સુવિધા માટે વિનામૂલ્યે ઓક્સિજન સિલિન્ડરની સેવા તેમજ ઘરેથી સારવાર લઈ શકાય તે માટે ઓક્સિજન કોન્સનટ્રેન્ટરની સુવિધા તેમજ ૭૦ જેટલા નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા ઓડિયો વીડિયો કોલિંગ દ્વારા કોવિડ કાઉન્સિલિંગની સર્વિસ ઓન વ્હીલ્સ વાન તેમજ બે નવસારી હોસ્પિટલમાં દાન પેટે એક વાન લાયન્સ ક્લબ મહેસાણા આપવામાં આવી તેમજ સંસ્થા દ્વારા સમાજના જરૂરિયાતમંદ ૪૦૦થી વધારે વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી નિ:શુલ્ક શિક્ષણ આપવામાં આવ્યું હતું. હોસ્પિટલમાં દાખલ થયેલા એક પણ દર્દી માતાજીની કૃપાથી મૃત્યુ પામ્યા નહીં. જ્યાં ધર્મ અને આસ્થા છે ત્યાં માતાજીનો સાક્ષાત્કાર છે.

ઉમા સમગ્ર બ્રહ્માંડની માતા છે. બધાની કુળદેવી છે. સમગ્ર સમાજનો વિકાસ કરવાના ઉપદેશથી આ કાર્ય નિર્માણ કરવામાં આવ્યું છે. આધ્યાત્મિકતાની સાથે સાથે માનવતાવાદ અભિગમ અને પરિકલ્પનાને સાકાર કરવા માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંસ્થા સંજીવની સમાન કાર્ય કરશે જ તેવી સૌને આસ્થા છે. માત્ર પાટીદારો જ નહીં, સર્વ ધર્મના લોકો જેનામાં જીવ છે તે બધામાં શિવ છે. તેવા હેતુને સાકાર કરવા જગતજનની મા ઉમિયાનું વૈશ્વિક મંદિર નિર્માણ થઈ રહ્યું છે. ગમે તેટલી ટેકનોલોજી આવે પરંતુ શ્રદ્ધા વગર મનુષ્ય એક પર્ણ હલાવી શકશે નહીં.

ભારત પ્રાચીન સમયથી સાંસ્કૃતિક વિરાસત ધરાવતો દેશ છે. ધર્મની સાથે વિજ્ઞાનનો વિનિયોગ જોવા મળતો હોય છે. 'વસુધેવ કુટુમ્બકમ્'ની ભાવના આવી આધ્યાત્મિક અને સામાજિક સંસ્થાઓમાં નિયમિત જવાથી કેળવાતી હોય છે. આર.પી. પટેલ સાહેબના નેજા હેઠળ અનેક કમિટીઓ કાર્યરત છે. તેમના મિશનને સાકાર કરવામાં દેશ દુનિયાના લોકોએ સહયોગ આપ્યો છે. બે હજાર કરોડનો પ્રોજેક્ટ માતાજીની કૃપાથી સાકાર અને આકાર પામશે તેવી મને ચોક્કસ ખાતરી છે.

શનિવારના રોજ કોન્ફરન્સ હોલની અંદર મા ઉમા અને મહેશના સંશોધિત થયેલા આધારભૂત પુરાવા થકી સાહિત્ય નિર્માણ થાય તે માટેની બેઠકમાં જવાનું સદભાગ્ય મળ્યું. આ કમિટીના અધ્યક્ષ પૂજ્ય ડો. મફતભાઈ પટેલ સાહેબ અચલા એજ્યુકેશન ટ્રસ્ટના સ્થાપક અને કેળવણીકાર થકી ઉપસ્થિત રહેવાનો અવસર પ્રાપ્ત થયો. વિશ્વ ઉમિયા ધામ સંસ્થામાં અનેક પ્રબુદ્ધ વ્યક્તિઓ નિ:સ્વાર્થ ભાવે સેવા આપે છે.

સેવા હી ઉપાસના હે.. તેને ચરિતાર્થ કરવામાં સંસ્થા સફળતા તરફ આગળ વધી રહી છે. પર્યાવરણના સંરક્ષણ અને આધ્યાત્મિકતાના કેન્દ્રસમા વૈશ્વિક ફલક ઉપર મા ઉમિયાનો જયઘોષ થાય તે અત્યંત જરૂરી છે. જાસપુરમાં નિર્માણ થઈ રહેલા મા ઉમિયાના પ્રાંગણમાં પ્રવેશ કરવાથી વિચારોમાં વાઈબ્રેશન, કંઈક નવું કરવાની ભાવના માતાજીના આશીર્વાદથી સૌને મળશે તેવી મને ચોક્કસ ખાતરી છે. આર.પી. પટેલ સાહેબના સંકલ્પને માતાજી પૂર્ણ કરશે. દીર્ઘ વિઝન અને મિશન એ માતાજી દ્વારા પ્રાપ્ત થયેલો વિચાર છે. તેનું અમલીકરણ કરવા માટેની જવાબદારી આર.પી. પટેલ સાહેબને મળી છે ત્યારે શુભેચ્છા પાઠવવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. રાત દિવસ એક કરીને આર્થિક સહયોગ, મંદિર નિર્માણ અને વ્યવસ્થાને સમાજ સમક્ષ મૂકીને બહુ જ મોટી સેવા થઈ રહી છે તે માટે મા ઉમિયા વિશેષ શક્તિ પ્રદાન કરે તેવી ભાવના વ્યક્ત કરું છું. મનુષ્ય તો એક માધ્યમ છે. માતાજીની કૃપા વગર કશું જ થઈ શકે નહીં. બેંકમાં મેનેજરની નોકરી અને ત્યાર બાદ એક બિલ્ડર આ બધું છોડીને વિશ્વમાં સૌથી મોટું મા ઉમિયાનું મંદિર નિર્માણ કરવાનો સંકલ્પ કરવો તે પણ માતાજીની કૃપા છે. આધ્યાત્મિક ચેતના અને સંકલ્પયાત્રામાં કર્મ કરવાની માતાજી નવશક્તિ પ્રદાન કરે છે. આર.પી. પટેલ સાહેબની ઉપરોક્ત સેવાકીય પ્રવૃત્તિ થકી નવેમ્બર ૨૦૨૭માં માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા થશે જ તેવી ચોક્કસ ખાતરી છે. સૌ સાથે મળીને ઉપરોક્ત સેવાકીય પ્રવૃત્તિમાં સમયદાન, આર્થિક દાન અને અન્યદાન આપીને આર.પી. પટેલ સાહેબના સંકલ્પને સાર્થક કરવા માટે કટિબદ્ધ બનીએ. ઉમિયા માત કી જય.. ■

Mo.9825702282

# બાળકોની તંદુરસ્તીને અસરકર્તા હવા, સૂર્યપ્રકાશ, યોગ અને કસરત




બાળકોની તંદુરસ્તી માટે અને સ્વસ્થ વિકાસ માટે ખુલ્લી હવા અને સૂર્યપ્રકાશનો જેટલો મહિમા કરીએ એટલો ઓછો છે. અમુક ઘરોમાં બંધિયાર વાતાવરણના કારણે પૂરતા હવા – ઉજાશ ન હોવાના કારણે ઘરમાં રહેતી વ્યક્તિઓને એકબીજાનો ચેપ ઝડપથી લાગે છે. તેમજ હવા અને તડકાના અભાવે જંતુનો નાશ થતો નથી અને જંતુઓની ઝડપથી વૃધ્ધિ થાય છે. એવું સ્પષ્ટ પણે જોવામાં આવ્યું છે કે, જે ઘરોમાં હવાની પૂરતી અવરજવર નથી તે ઘરોમાં શરદી – કફ – હાંફ – ન્યુમોનિયા જેવી બીમારી વધુ થાય છે. રૂમેટિક ફિવર નામે ઓડખાતી બીમારી ( જે હૃદયના વાલ્વને પણ નુકસાન પહોંચાડે છે.) પણ હવાની અવરજવર ઓછી હોય એવાં ઘરોમાં વધુ જોવા મળે છે. ધૂળ ડમરી સાથે ફૂંકાતો હોય તેવો પવન નુકસાન કરી શકે, પરંતુ ઘરોમાં ક્રોસ વેન્ટીલેશન હોવું આવશ્યક છે. સૂર્યપ્રકાશમાંથી આપણને વિટામિન – ડી મળે છે. શહેરોમાં (તેમજ હવે તો ગામડાઓમાં પણ) વસ્તીની ગીચતાને કારણે મકાનોમાં અને શેરીઓમાં ભાગ્યે જ તડકો આવે છે. બાળકોને અપૂરતો તડકો મળવાથી એમને રીકેટસ (સુકતાન) નામની બીમારી થાય છે. જેમાં બાળકના હાડકા નબળા પડે છે. કપાળ ઉપસી આવે છે. પગ વાંકા રહે છે. પાંસળીઓમાં ખાડા પડે છે. આખા સ્થળે બૂરખો પહેરેલી સ્ત્રીઓનાં બાળકોમાં અચૂક વિટામિન – ડી ની ખામી જોવા મળે છે. અમુક નવા જન્મેલા બાળકોનાં શરીર પર પીળાશ જોવા મળે છે. જો આ પીળાશ ભયજનક માત્રામાં ન હોય તો બાળકને માત્ર સૂર્યના કુમળા તડકામાં રાખવાથી દૂર થાય છે. જેમ બને એમ બાળકોને શુદ્ધ હવા અને યોગ્ય સૂર્યપ્રકાશ મળી રહે તેવી જગ્યાએ રમવા દેવા જોઈએ જેથી કરીને બાળકોનું આરોગ્ય સારૂ રહે. બાળકોએ અત્યારના સમયમાં તેનું આરોગ્ય સારૂ રહે તે માટે ઉંમર પ્રમાણે અનુકૂળ હોય તેવા યોગ કરવા જોઈએ અને કસરત પણ ઉંમર પ્રમાણે અનુકૂળ હોય તેવી કરવી જોઈએ.

જેથી કરીને નાની ઉંમરમાં સ્થૂળતા ન આવે અને આરોગ્ય સારૂ રહે અને તંદુરસ્તી વધે. ■



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# વળી થોડાક દિવસમાં તાલુકા કક્ષાએ સર્વરોગ નિદાન કેમ્પ થયો



બેરાલાલ અને બકો વારે વારે બોસને પુછી રહ્યા છે.

'બોસ, કેમ્પ લાગે તો કહેજો હોં. કેમ્પ લાગે તો કહેજો હોં.'

'હા ભાઈ, તમે એકવાર કીધું એટલે આવી ગયું. મને હમજાઈ ગયું કે, કેમ્પ લાગે તો તમને જાણ કરવાની છે. પણ, કેમ્પ લાગે તો કહું ને !!

અને વરસાદ - બરસાદ થઈ ગયો છે. વાવણી હારી થઈ ગઈ છે. તમે મજૂરીએ કેમ જાતા નથી.' 'બોસ, કેમ્પ લાગવાનો છે ને એટલે.'

એક દિવસ બાજુનાં ગામમાં આંખોનો કેમ્પ યોજાયો.

બોસે બેઉને બોલાવીને કહ્યું.

'જૂઓ બાજુનાં ગામમાં આંખોનો મફ્ત કેમ્પ યોજાયો છે. તમારે જાવું હોય તો જઈ આવજો.' 'બોસ આ કેમ્પની વાત નથી. બીજો કેમ્પ.'

'અચ્છા.., બીજાં કેમ્પમાં જાવું છે!?? તો રાહ જૂઓ.'

વળી થોડાંક દિવસમાં તાલુકા કક્ષાએ સર્વરોગ નિદાન કેમ્પ થયો.

વળી બોસે બન્નેને બોલાવ્યા.

'તાલુકાએ કેમ્પ ભરાણો છે. હવે તો જશો ને..!??'

'અરે..બોસ, અમારે જિલ્લાનાં કેમ્પમાં જાવું છે. ઈ કે 'દિ ભરાવાનો છે?' 'અરે , કેમ્પ તાલુકાનો હોય કે જિલ્લાનો. કામ તો બીમારી માટે જ કરે. તમારે જિલ્લાનો શું આગ્રહ છે ? અને કેમ્પની રાહમાં તમે કામે કેમ નથી જાતાં ? કેમ્પમાં તમને કદાચ! નિદાન મફત કરશે. દવાય કદાચ મફતમાં આપશે. પણ, ઘરમાં દાણાં નહીં નાખી દે. કામ તો તમારે જ કરવું પડશે.'

'તમે હમજ્યા નહીં બોસ. આ કેમ્પ જ દાણાંનો છે. આ દવાનો કેમ્પ જ નથી.'

'શું વાત કરો છો? દાણાંનો કેમ્પ?? આવો કેમ્પ તો ભાળ્યો નથી.'

'દાણાંનો મતલબ!! રૂપિયાનો. રૂપિયા આવશે તો દાણાં તો આવશે જ ને.'

'મને કાંઈ હમજાયુ નહીં બકા. રૂપિયાનો કેમ્પ તો મેં પહેલીવાર હાંભળ્યો. આવાં ક્યાંય કેમ્પ હોતાં હશે. રૂપિયા માટે તો માણસ દિ' ને રાત મજૂરી કરે છે. જો રૂપિયાનાં કેમ્પ ભરાતાં હોત તો તો માણસ મજૂરી જ ના કરત. મેં ક્યાંય આવો કેમ્પ જોયો નથી. અમથાલાલ તમે આવો કેમ્પ ભાળ્યો છે??' 'ભાળ્યો તો નથી. પણ, ક્યાંક હાંભળ્યો છે ખરો.' 'શું વાત કરો છો અમથાલાલ!?? રૂપિયાનો કેમ્પ??'

'હા હા રૂપિયાનો કેમ્પ. છતાંય પાક્કું કરવું પડે હોં. સરકાર બોલે કાંઈ અને કરે કાંઈ, અને તમને મળે ઈ તો હાવ જ નવીન.'

'જૂઓ.. જૂઓ..બોસ. અમે હાવ ખોટેખોટું કે 'તા હશું ? દરેક જિલ્લામાં આવાં રૂપિયાનાં કેમ્પ ભરાવાના છે ઈ વાત પાક્કી છે. માત્ર મોટાં માણસની લાગવગ કરવી પડશે. ઈ વાત પાક્કી છે.

એટલે બોસ, ગોઠવાતું હોય તો અમારું ક્યાંક ગોઠવી દેજો ને. હું છે કે, અમારે આવી કાળી મજૂરી ના કરવી પડે.'

'હારું હારું હું જોઉં છું. ક્યાંક મેળ પડતો હશે તો ગોઠવી નાખીશું. પણ, સરકારી સહાય આવી આવીને કેટલી આવશે ? પહેલાં એ હંધાયના ઘર ભરાહે. અધિકારીઓ મલાઈ ખાશે. કાર્યકર્તાઓ મળે ત્યાથી બટકાં ભરશે અને પછી વધે ઈ તમારાં હાથમાં આવશે. આમાં તમારી કડકાઈ ભાંગશે કેમ !?? આનાં કરતાં મજૂરી કરવાં માંડો. આજે નહીં તો કાલે દિ' વળશે.'

'બોસ, તમને હજી આ રૂપિયાની ખબર જ નથી. આ રકમનાં મીંડા ગણવા ઈ અમારું તો કામ જ નથી. કાં અમથાલાલ.'

'હા ભાઈ, વાત તો હાચી છે. ઘડીભર તો હું ય ગોથે ચડી ગયો. પાંચ આંકડા અને સાત મીંડા. મતલબ,

૭૮૨૧૩૦૦૦૦૦૦૦/- આ રકમ છે.'

'ના ના ના. આવડી મોટી રકમની ફાળવણી હોય જ નહીં. આ વાત ખોટી છે.'

બોસને આ વાત ચૂંટણી માયલું ગપ્પું લાગ્યું.

પણ, અમથાલાલને ચોખવટ કરવી પડી.

'ભાઈ આ વાત ચૂંટણીમાં આપેલો વાયદો નથી. નેતાનો બફાટ નથી. કેન્દ્ર સરકારના કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આપેલો આ આંકડો છે. એટલે એક વાત તો પાક્કી છે કે, આ ગપ્પું નથી. હા પણ, આ રૂપિયામાંથી આપણાં બેરાલાલ અને બકાને આમાંથી રૂપિયા મળશે કે કેમ ? ઈ ખબર નથી.'

'લો કર લો બાત! અમને આમાંથી કેમ નહીં મળે? આટલાં બધાં રૂપિયા છે. જિલ્લે જિલ્લે જઈને રૂપિયા બાટવા છે. તો પછી અમને કેમ ના મળે!??'



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

'રૂપિયા આપવાનાં છે. આ વાત પાક્કી છે. પણ, જેનાં હોય એમને આપવાનાં છે. સરકારને આટલાં બધાં રૂપિયાનો માલિક નથી મળી રહ્યો.'

'કાંઈક હમજાય એવું બોલો અમથાલાલ. અહીંયા રૂપિયા માટે તો રાત દિ' કાળી મજૂરી કરીએ છીએ તોય બે પાંદડે તો થાતાં જ નથી. અને આવડાં મોટાં રૂપિયા કોને ના જોઈએ? કેમ્પ તો કરો, લાઈન લાગશે લાઈન !! પણ, એક વાત હમજાણી નઈ. આટલાં બધાં રૂપિયા સરકાર પાંહે પડ્યાં કેમ છે?? કોઈ રાજકીય નેતાની નજર નહોતી પડી !?'

'બેરાલાલ અને બકા, આ રૂપિયા બેંકમાં અને વિમા કંપની પાંહે પડ્યાં છે. જેનું કોઈ માલિક નથી. એટલે સરકારે એક પોર્ટલ બનાવ્યું કે આ રૂપિયા જેનાં હોય ઈ લઈ જાય. છતાંય કોઈ લેવાં ન આવ્યું.

હવે સરકારે **RBI, SEBI, IRDAI** અને **PFRDA** જેવી નિયમનકારી સંસ્થાને ભેગી કરી. જિલ્લે જિલ્લે જઈને કેમ્પ કરો. આ રૂપિયાના માલિક ગોતો. અને આ રૂપિયા ૭૮૨૧૩૦૦૦૦૦૦૦/- જેવી રકમ આપી દો.' બેરાલાલ અને બકાને અચરજ થયું.

'પણ અમથાલાલ, અમારે આમાંથી રૂપિયા જોતાં હોય તો અમારે શું કરવાનું??'

'તમારાં બાપદાદાની જૂની બેંકની ચોપડી ગોતો. જૂની વિમાની રસીદ ગોતો.'

અને તમે..! હા હા તમે. ક્યાં સુધી આ વાંચવાનું ચાલુ રાખશો? તમેય જૂની ટકડી, પટારી, પટારામાં જૂની બેંકની ચોપડી ગોતો..!!! ■

kalubhaibhad123@gmail.com

# કોઈ પુરૂષ આપના પ્રેમમાં પડ્યો છે ? જાણો... આ ૧૧ લક્ષણોથી



(૧૦) તમારી પરિવારની ચિંતા પણ કરશે : જે આપના પ્રેમમાં હોય તો માત્ર આપના માટે જ નહીં પણ આપના આખા પરિવારની તમામ વ્યક્તિઓ માટે પણ ખૂબ જ કોન્શિયસ થઈ જશે. આપના પરિવારના સભ્યોની દરેક બાબતમાં ચિંતા કરતો જોવા મળશે, તેમના પ્રોબ્લેમ્સ દૂર કરવાની કોશિષ પણ કરશે. તે સતત તમારા પરિવારના સભ્યોની ચિંતા કરી સતત અવેલેબલ રાખવાની પૂરતી કોશિષ કરશે તમે અને તમારો પરિવાર તેના માટે ખૂબ જ મહત્વના બની રહેશો.

(૭) તમને દુનિયાની સૌથી સુંદર સ્ત્રી માનશે : સંપૂર્ણ પણે સુંદર પાત્ર તો દુનિયામાં ભાગ્યે જ હોય છે, પરંતુ પુરૂષ જયારે પ્રેમમાં હોય છે ત્યારે તેના માટે તમે એક જ દુનિયાની સૌથી સુંદર વ્યક્તિ બની જાઓ છો. તમે તો સુંદર હશો જ (પણ, ન હોવ તો પણ), તમે મળો અને સાદા ડ્રેસમાં કે લઘરવઘર હોવ તો પણ એની દ્રષ્ટિમાં તો તમે સુંદર જ લાગવાના. તમે કયાંક કોઈક બાબતમાં તમને પોતાને ઓછા ગમતાં હશો પણ એને તો તમે બધી જ રીતે બહુ જ ગમતાં લાગશો. તમે કયાંય પણ કાયમ સુંદર જ લાગશો.

(૮) નાની - નાની ને ઝીણી - ઝીણી વાતો પણ યાદ રહેશે : ઘણાંખરાં પુરૂષ ભુલકણાં હોય છે, ને પોતાના કામની મહત્વની બાબતો પણ ભૂલી જતા હોય છે પણ, જયારે એ પ્રેમમાં હોય ત્યારે પોતાના ગમતા પાત્રની સાવ નાનામાં નાની... અરે ઝીણામાં ઝીણી વાત કે બાબત પણ તેને યાદ રહેશે, પોતાના પાત્રનો ફેવરીટ કલર, ફેવરીટ ફૂડ, ફેવરીટ સોંગ બધ્ધે બધ્ધુ જ યાદ રહેતું હોય છે. પોતાના પગારની તારીખ સુધ્ધા ભૂલી જતો પુરૂષ, પોતે જેના પ્રેમમાં છે એ વ્યક્તિની ડોકટરની એપોઈન્ટમેન્ટ હોય કે મોબાઈલનું રિચાર્જ ડેટ પણ યાદ રાખી શકશે. આ બધુ એટલે શકય બને છે કે, અત્યારે એ વ્યક્તિ જ તેના જીવનનું કેન્દ્રિબિંદુ છે અને તેને ખુશ રાખવા - ખુશ જોવા અને માનિસક રીતે તેની સાથે રહેવા - જીવવા માટે તે બધુ જ કરી છૂટશે.

(૯) ગમે તેટલું ડિસ્ટન્સ હશે તોય નજીક લાગશે : જ્યારે પુરૂષ તમારા પ્રેમમાં હશે, ત્યારે તમે તેને દુનિયાના છેવાડે લઈ જવાનું કહેશો, તો પણ તે તૈયાર જ હશે. તમારી ગમતી હોટેલમાં જમવા જવા માટે બે કલાક વધુ ડ્રાઈવ કરીને જવાનું હશે તો પણ તૈયાર જ હશે. કદાચ તમને કોઈ સ્પેસિફિક જગ્યાની કોઈ ખાસ આઈટમ ભાવતી હોય તો તે કશું વિચાર્યા વગર એ આઈટમ લાવવા માટે નીકળી પડશે અને તમને સરપ્રાઈઝ આપીને તમારા ચહેરા પર ખુશી લાવવાની પૂરી કોશિષ કરશે.

(૧૧) તમારી એક એક વાત ધ્યાનથી સાંભળશે : મોટા ભાગના પુરૂષો લગ્ન પછી પત્નીની વાતને એક કાનેથી સાંભળીને બીજા કાને કાઢી નાખતા હોય છે. નોર્મલી બીજાની વાતને કાને ધરવાની તેમને આદત નથી હોતી પણ, પુરૂષ જ્યારે પ્રેમમાં પડે ત્યારે તે પોતાના પ્રિયપાત્રની એકેએક વાતને ધ્યાનથી સાંભળશે, એકેએક શબ્દ સાંભળ્યા પછી તમે તેને કહેલું અક્ષરશઃ યાદ પણ રાખશે, આ એ તબક્કો છે જ્યારે પુરૂષ તમારૂં અટેન્શન મેળવવા માગે છે અને તમારી દરેકે દરેક વાતમાં તે પૂરતો ઈન્ટરેસ્ટ ધરાવે છે, એટલે તમારી દરેક વાતને તે રસપૂર્વક સાંભળે છે.




જીવન તરંગ
જયસ્વી પટેલ

- આજના પુરુષને કેવી સ્ત્રી પસંદ પડે છે?

જગવિખ્યાત વાર્તાકાર ઓ. હેનરી શું સ્ત્રીથી બહુ દાઝેલા હશે? તેમણે સ્ત્રી માટે કહ્યું હતું કે, "જો પુરુષ જાણે કે સ્ત્રી એકલી હોય ત્યારે કેમ ટાઈમપાસ કરે છે તો પુરુષ કદી પરણવાનું નામ જ ન લે" નવાઈ લાગે છે ને? પણ ઓ. હેનરીએ એમ કહેલું કે, મોટાભાગે તમારી પાસે જે નથી હોતું તે જ સ્ત્રીને જોઈએ છે. એકલી હોય ત્યારે એવી ઈચ્છા કરે છે. તમારામાં પુરુષાતન નથી હોતું, તો તેને એ જ જોઈએ છે. જ્યારે કોઈ ચીજની તંગી હોય ત્યારે સ્ત્રીને તે ખાસ જોઈએ છે. આવા વિચિત્ર અવલોકનના લીધે જ તેમણે સ્ત્રી માટે આવી ટિપ્પણી કરી હશે. સૌથી ઉમદા સ્ત્રી માટે મહાન સાહિત્યકાર એલ.એ. રોચેફોકોલ્ડે કહ્યું હતું કે, 'સ્ત્રીના ફર્સ્ટ પેશનમાં સ્ત્રી તેના પ્રેમીને પ્રેમ કરે છે. બીજા તમામ પેશનમાં સ્ત્રી માત્ર પ્રેમ ઈચ્છે છે. સ્ત્રીને નર્યો પ્રેમ, નિર્ભેળ પ્રેમ અને દંભ વગરનો પ્રેમ જોઈએ છે.'.(ક્રમશઃ) ■

sanjogpurti@gmail.com



# આવ રે વરસાદ !

"આહા..! હાશ! હવે વરસાદ આવશે ખરો! આ કાળાંકાળાં વાદળાં આકાશમાં દોડમદોડી કરી રહ્યાં છે. હમણાં વરસાદ આવશે! વરસાદ આવે એટલે તરત નાહવા જાઉં!" - ડંકુ દેડકાએ મનોમન વિચાર્યું.

વરસાદ કોને ન ગમે! સૌને ગમે એમ ડંકુને વરસાદ ખૂબ ગમે. એ વરસાદની રાહ જોતો હતો. વરસાદ એટલે મોજ-મસ્તી. થોડા સમયમાં ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. વરસતો વરસાદ જોઈ ડંકુ રાજીરાજી થઈ ગયો. એ તળાવમાંથી બહાર નીકળ્યો અને તળાવના કિનારે પડેલા મોટા પાંદડા પર ઠેકડા મારવા લાગ્યો. આકાશમાં વાદળોનો ગડગડાટ સાંભળી ડંકુ 'ઢીંચૂક ઢીંચૂક' બોલતો અને મોજથી ઠેકડા મારતો. ડંકુ વરસતા વરસાદમાં ખૂબ નાહ્યો, ખૂબ નાહ્યો!

ડંકુને વરસાદમાં મોજ-મસ્તી કરતો જોઈ બંકુ, પંકુ, ચંકુ જેવાં બીજાં દેડકાં પણ એની સાથે જોડાયાં. બધાં દેડકાં 'ઢીંચૂક ઢીંચૂક'બોલતાં જાય, ઠેકડાં મારતાં જાય ને ગાતાં જાય...

મેઘરાજા આવ્યા જી,
ડંકુભાઈ નાહતા જી,
મોજ-મસ્તી કરતા જી,
ચાલો સૌ નાહવા જી.

બંકુ, પંકુ, ચંકુ આ બધાં દેડકાં વરસાદમાં મોજ-મસ્તી કરતાં હતાં ત્યાં જ અચાનક વરસાદ બંધ થઈ ગયો. બધાં દેડકાં નિરાશ થઈ ગયાં. ડંકુ બૂમ પાડીને બોલ્યો, 'અરે ઓ વાદળભાઈ, તમે આમ અચાનક વરસવાનું કેમ બંધ કરી દીધું! અને તમે આમ દોડીને ક્યાં જાવ છો! શું અમારી મોજ-મસ્તી તમને ન ગમી કે શું! વાદળભાઈ, થોડું વરસોને! અમને નાહવાની ખૂબ મજા પડી છે!'

'અરે ડંકુજી! આ જુઓ તો ખરા! વરસી વરસીને હું તો થાકી ગયો. પણ તમે ચિંતા ન કરો હોં! હજુ પાછળ બીજાં વાદળાં આવે જ છે. એ વરસે એટલે ફરી પાછાં તમે મન મૂકીને નાહજો! એ જુઓ, પેલાં વાદળાં આવ્યાં. હમણાં એ ધોધમાર વરસશે. લ્યો ત્યારે, હું જાઉં ને તમે મોજ કરો.' - એમ કહેતાં એક વાદળ ગયું ને બીજું આવ્યું.



રે વાર્તા!
મનીષ સુથાર

વાદળું આવ્યું ને ભરપૂર વરસ્યું. દેડકાં મંડ્યા પાછાં નાહવા! બંકુ, પંકુ, ચંકુ જેવાં બીજાં દેડકાં પણ એની સાથે જોડાયાં. બધાં દેડકાં 'ઢીંચૂક ઢીંચૂક' બોલતાં જાય, ઠેકડા મારતાં જાય ને ગાતાં જાય...

મેઘરાજા આવ્યા જી,
ડંકુભાઈ નાહતા જી,
મોજ-મસ્તી કરતા જી,
ચાલો સૌ નાહવા જી. ■

Mo 9099172177



આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# રાજયમાં સરકારી હોસ્પિટલમાં સેવા આપતા સ્પેશિયાલીસ્ટ ડોક્ટરોના માનદ વેતનમાં વધારો

ગાંધીનગર,તા.૨૪



રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સી.એમ.સેતુ યોજના અંતર્ગત એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજ્યની જિલ્લા હોસ્પિટલો, પેટા જિલ્લા હોસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સેવા આપતા સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોના માનદ વેતનમાં વધારો કરવામાં આવ્યો છે. આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની જિલ્લા હોસ્પિટલો, પેટા જિલ્લા હોસ્પિટલો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સેવા આપતા તમામ પ્રકારના ખાનગી સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોને સી.એમ.સેતુ યોજના અંતર્ગત રોજના લઘુતમ ૩ કલાકની ફરજિયાત સેવા બાદ પ્રતિ દિન રૂ. ૪,૨૦૦ માનદ વેતન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અગાઉ પીડિયાટ્રિશિયન અને જનરલ ફિઝિશિયન પ્રતિ દિન રૂ. ૩ હજાર અને તે સિવાયના અન્ય તજજ્ઞ ડોક્ટર્સને પ્રતિ દિન રૂ. ૨ હજાર માનદ વેતન આપવામાં આવતું હતું.

**ડોક્ટરોને સી.એમ.સેતુ યોજના અંતર્ગત રોજના લઘુતમ ૩ કલાકની ફરજિયાત સેવા બાદ પ્રતિ દિન રૂ. ૪,૨૦૦ માનદ વેતન આપવાનો નિર્ણય**

# જમ્મુ-કાશ્મીરને ૧૯ પ્રોજેક્ટની નવી ભેટ આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૨૪



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ અને કાશ્મીરને ૧૯ પ્રોજેક્ટ્સની નવી ભેટ આપી છે. રાજ્યમાં ૧૦,૬૩૭ કરોડ રૂપિયાના ખર્ચે બે ટનલ, ત્રણ ફ્લાયઓવર, ચાર પુલ અને પાંચ રસ્તા અને અન્ય બાંધકામના કામો થશે. કુલ મંજૂર બજેટના લગભગ ૭૦ ટકા બે ટનલ બનાવવા પાછળ ખર્ચવામાં આવશે.સંરક્ષણ મંત્રાલય સાથેની બેઠક બાદ, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડને તાત્કાલિક બીઆરઓને પ્રોજેક્ટનો વિગતવાર અહેવાલ પ્રદાન કરવાનો આદેશ આપ્યો છે. બંને ટનલ બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા બનાવવામાં આવશે. માર્ગ પરિવહન મંત્રાલયે કહ્યું છે કે બાંધકામને ઉચ્ચ સ્તરે પ્રાથમિકતા આપવામાં આવશે.

બારામુલ્લા અને ગુલમર્ગ વચ્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગ 701-A પર પીર કી ગલીમાં ૩,૮૩૦ કરોડ રૂપિયાના ખર્ચે એક ટનલ બનાવવામાં આવશે. ટનલ બન્યા પછી, આ વિસ્તારના લોકો દરેક ઋતુમાં મુસાફરી કરી શકશે.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું છે કે આ બજેટ રસ્તાઓ અને પુલોના નિર્માણ તરફ દોરી જશે. આ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર. જમ્મુ અને કાશ્મીરને વડા પ્રધાન મોદી અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી તરફથી નિયમિત સમર્થન મળી રહ્યું છે. આ રાજ્યને પ્રગતિ અને વિકાસના માર્ગ પર આગળ લઈ જવામાં મદદ કરશે.

# ઉદયપુરમાં ફ્રેન્ચ યુવતી પર બળાત્કાર કરી આરોપી ફરાર

(એચ.એસ.એલ),ઉદયપુર,તા.૨૪

ઉદયપુરમાં એક ફ્રેન્ચ યુવતી પર બળાત્કારની ઘટના સામે આવ્યો છે.જેમાં પહેલા આરોપીએ એક કેફેમાં યુવતી સાથે પાર્ટી પણ કરી હતી. આ પછી, આરોપીએ યુવતીને મૂર્ખ બનાવીને તેના ઘરે લઈ ગયો. અહીં યુવકે યુવતી પર બળાત્કાર ગુજાર્યો. આ ઘટના સોમવારે સાંજે શહેરના બડગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. એસએચઓ પૂરણ સિંહ રાજપુરોહિતે જણાવ્યું કે ટાઈગર હિલ સ્થિત ધ ગ્રીક ફાર્મ કાફે અને રેસ્ટ્રો કાફેમાં એક પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. તે પાર્ટીમાં યુવક અને યુવતી મળ્યા હતા. અહીંથી આરોપી કોઈ બહાને યુવતીને સુખેર સ્થિત તેના ભાડાના મકાનમાં લઈ ગયો. ત્યાં તેણે યુવતી પર બળાત્કાર કર્યો. ત્યારથી યુવક ફરાર છે અને તેની શોધખોળ ચાલી રહી છે. યુવતીની હાલત ખતરાની બહાર છે.

# મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી, મુંબઈમાં ૨૮ જૂન સુધી સમુદ્રમાં ૪.૫ મીટર ઉંચા મોજા ઉછળશે

મુંબઈ,તા.૨૪



આગામી ૪૮ કલાક દરમિયાન મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. રત્નાગિરિ, રાયગઢ અને સિંધુદુર્ગ અને મુંબઈ, થાણે અને પાલઘરમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગે ૨૪ જૂનથી આગામી પાંચ દિવસમાં કોંકણ અને વિદર્ભ પ્રદેશોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. મરાઠવાડામાં પણ ભારે વરસાદની આગાહી છે. વિદર્ભમાં શરૂઆતમાં પ્રમાણમાં ઓછો વરસાદ પડ્યો હોવા છતાં, તેની તીવ્રતા વધવાની ધારણા છે.પુણેમાં છેલ્લા બે દિવસથી સતત ભારે વરસાદ પડી રહ્યો છે, જ્યારે રાયગઢમાં ગઈકાલે રાતથી ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે ભરતીની ચેતવણી જારી કરી છે. ૨૫ થી ૨૮ જૂન સુધી દરિયામાં દરરોજ ઊંચા મોજા ઉછળશે. ઊંચા મોજા એટલે કે ૪.૫ મીટરથી ઊંચા મોજા ઉછળશે. ૨૬ જૂને સૌથી મોટી ભરતી આવવાની શક્યતા છે.

# વિધાનસભામાં બેઠેલા લોકો નપુંસક છે, એમએનએસ મુંબઈના પ્રમુખના નિવેદનથી હોબાળો

મુંબઈ,તા.૨૪

મરાઠી ભાષા પર ચાલી રહેલા વિવાદ વચ્ચે, MNS મુંબઈ પ્રમુખ સંદીપ દેશપાંડેએ વિધાન ભવનમાં આયોજિત એક કાર્યક્રમમાં મરાઠી બેનરની ગેરહાજરી પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. સંસદ અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ વિધાનસભાઓની અંદાજ સમિતિઓના રાષ્ટ્રીય પરિષદમાં મરાઠી બેનરો ન હોવા અંગે દેશપાંડેએ કહ્યું કે વિધાનસભામાં બેઠેલા લોકો 'નપુંસક' છે અને તે મહારાષ્ટ્રનું દુર્ભાગ્ય છે. તેમના નિવેદનથી રાજકીય તોફાન ઉભું થયું. દેશપાંડેની આ ટિપ્પણીઓ પર કડક પ્રતિક્રિયા આપતા, શિવસેનાના મંત્રી ગુલાબરાવ પાટીલે કહ્યું કે તેઓ દેશપાંડે વિરુદ્ધ વિધાનસભાનું અપમાન કરવા બદલ વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ લાવશે. દેશપાંડેએ કહ્યું, હું મારા નિવેદન પર અડગ છું, કારણ કે મેં ફક્ત આ માનસિકતા વિશે વાત કરી હતી, કોઈ વ્યક્તિ વિશે નહીં. હું કાર્યવાહી માટે તૈયાર છું.

# જો ભારત સિંધુ નદીનું પાણી રોકશે તો પાકિસ્તાન યુદ્ધ કરશે, બિલાવલ ભુટ્ટોની ફરી ગીધડ ધમકી

ઈસ્લામાબાદ,તા.૨૪



પાકિસ્તાન ક્યારેય તેની નાપાક પ્રવૃત્તિઓ બંધ કરતું નથી. તેના નેતાઓ પણ પોકળ નિવેદનો આપીને તેમના પાત્રને ઉજાગર કરતા રહે છે. તાજેતરનો કિસ્સો એ છે કે પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ પ્રધાન બિલાવલ ભુટ્ટો ઝરદારીએ સોમવારે ફરી એકવાર ભારત સામે ધમકી આપી છે. બિલાવલ ભુટ્ટોએ કહ્યું, 'જો ભારત સિંધુ જળ સંધિ હેઠળ ઈસ્લામાબાદને પાણીનો વાજબી હિસ્સો આપવાનો ઈનકાર કરશે, તો પાકિસ્તાન યુદ્ધ તરફ આગળ વધશે. ખરેખર, પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારતે ૧૯૬૦ ની સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી. ભારતના આ પગલાથી પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો. આવી સ્થિતિમાં, ગૃહમંત્રી અમિત શાહે ગયા અઠવાડિયે જાહેરાત કરી હતી કે આ ઐતિહાસિક કરાર ક્યારેય પુનઃસ્થાપિત થશે નહીં. અમિત શાહની આ ટિપ્પણીથી પાકિસ્તાન ગુસ્સે થયું. તે જ સમયે, બિલાવલની આ ટિપ્પણી શાહની આંતરરાષ્ટ્રીય કરારોની ટીકા કર્યાના ૨ દિવસ પછી આવી છે. બિલાવલ ભુટ્ટોએ પાકિસ્તાનની સંસદમાં ભાષણમાં કરાર સ્થગિત કરવાના ભારતના નિર્ણયને નકારી કાઢ્યો અને પાકિસ્તાનના પાણીના હિસ્સાને છીનવી લેવાની ધમકી આપી હતી.

# ભારત-ચીને તમામ પ્રકારના આતંકવાદનો સામનો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

(એચ.એસ.એલ),બેઈજિંગ,તા.૨૪



ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે બેઈજિંગમાં ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન, તેમણે પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે તમામ પ્રકારના આતંકવાદનો સામનો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. દોઢ મહિના પહેલા, ભારતે ૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં કાર્યવાહી કરતી વખતે પાકિસ્તાનમાં અનેક આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો ત્યારે ડોભાલે આતંકવાદનો સામનો કરવા પર ભાર મૂક્યો છે. ભારત આંતરરાષ્ટ્રીય મંચો પર આતંકવાદનો મુદ્દો સતત ઉઠાવી રહ્યું છે.એનએસએ ડોભાલ અને વાંગે ભારત-ચીન સંબંધોના વિવિધ પાસાઓ પર પણ ચર્ચા કરી. પૂર્વ લદ્દાખ સરહદ પરના અવરોધ પછી બંને પક્ષો સંબંધોમાં તણાવ દૂર કરવા માટે પ્રયાસો કરી રહ્યા છે. એનએસએ ડોભાલે એમ પણ કહ્યું કે સરહદ પર શાંતિ જાળવી રાખવી અને આતંકવાદ સાથે કડક રીતે વ્યવહાર કરવો મહત્વપૂર્ણ છે.

# રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઈઝરાયલને ચેતવણી, તમારા પાઈલટ્સને તાત્કાલિક પાછા બોલાવો

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૨૪



યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલને ચેતવણી આપી છે કે તે તાત્કાલિક ઈરાનથી તેના પાઈલટ્સને પાછા બોલાવે. ટ્રમ્પે યુદ્ધવિરામની જાહેરાત કર્યા પછી પણ, ઈઝરાયલે આરોપ લગાવ્યો હતો કે ઈરાન તેના પર મિસાઈલોથી હુમલો કરી રહ્યું છે. આ પછી, ઈઝરાયલે પણ ઈરાન પર હુમલો કરવા માટે તેના ફાઈટર વિમાનો મોકલ્યા. ટ્રમ્પે કહ્યું કે ઈરાનની પરમાણુ ક્ષમતા સમાપ્ત થઈ ગઈ છે, તે હવે ક્યારેય પરમાણુ બોમ્બ બનાવી શકશે નહીં. તેમણે કહ્યું કે આવી સ્થિતિમાં, ઈઝરાયલ કે ઈરાન બંનેએ યુદ્ધવિરામ તોડવો જોઈએ નહીં.યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, હું ખુશ નથી કે ઈઝરાયલ હવે હૂમલા કરી રહ્યું છે. આ લોકોએ શાંત થવું જોઈએ. જેથી દુનિયામાં શાંતિ જળવાઈ રહે.

# વૈષ્ણોદેવીમાં ભારે વરસાદ પછી ભૂસ્ખલનથી શ્રધ્ધાળુઓને હાલાકી

શ્રીનગર,તા.૨૪



જમ્મુ અને કાશ્મીરમાં સોમવારે ભારે વરસાદ બાદ કટરા નજીક વૈષ્ણોદેવીના માર્ગ પર ભૂસ્ખલનની ઘટના બની હતી. આ પછી, શ્રદ્ધાળુઓના માર્ગ પર પર્વત પરથી ઘણો કાટમાળ પડ્યો હતો. તેમાં મોટા પથ્થરો પણ હતા. આ કારણે બેટરી કારના માર્ગને અસર થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં ત્રિકુટા પર્વતો પર સ્થિત માતા વૈષ્ણોદેવી મંદિરના નવા માર્ગ પર સોમવારે ભૂસ્ખલન થયું હતું, જેના કારણે બેટરી કાર સેવા સ્થગિત કરવી પડી હતી.

# યુદ્ધવિરામ બાદ ઈરાને મિસાઈલ છોડતા ઈઝરાયેલનો વળતો હુમલો

(એચ.એસ.એલ),તહેરાન,તા.૨૪



ઈઝરાયલે કહ્યું છે કે મંગળવારે યુદ્ધવિરામ શરૂ થયાના અઢી કલાક પછી ઈરાન દ્વારા મિસાઈલ હુમલા કરવામાં આવ્યા છે. હુમલાઓને કારણે, સમગ્ર ઉત્તર ઈઝરાયલમાં સાયરનના અવાજો સંભળાયા છે. ઈઝરાયલ અને ઈરાને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રસ્તાવિત યુદ્ધવિરામ પ્રસ્તાવ સ્વીકાર્યા પછી આ તાજેતરના હુમલાઓ થયા છે. યુદ્ધવિરામ અમલમાં આવ્યાના ત્રણ કલાકથી ઓછા સમયમાં ઈરાને મિસાઈલ છોડ્યા હતા.ઈરાન દ્વારા મિસાઈલ હુમલા બાદ, ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે ઈઝરાયલી સેનાને કડક જવાબ આપવા સૂચના આપી છે.


**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૭૬/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી હરીભાઈ માંડણભાઈ વાઢેળ
રહે. મીતીયાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મીતીયાજ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મીતીયાજ ગામના રહીશ શ્રી માંડણભાઈ મેરામણભાઈ વાઢેળ તથા શ્રી પુનીબેન માંડણભાઈ વાઢેળ ની પુત્રી શ્રી માલીબેન માંડણભાઈ વાઢેળ નો તા. ૦૧/૦૬/૧૯૭૪ માં કોડીનાર તાલુકાના મીતીયાજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના મીતીયાજ ગામના સને.૧૯૭૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.


આજ તા.૨૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


# ધોરાજીના સંજયનગરમાં બિસ્માર રસ્તાથી હાલાકી: ચોમાસામાં કાદવ-કિચડથી લોકો ત્રાહિમામ

ધોરાજી,તા.૨૪



તસવીર : નયન કુહાડીયા

ધોરાજીના જમનાવડ રોડ પર આવેલા સંજયનગર સહિતના વિસ્તારોમાં ચોમાસાની ઋતુ શરૂ થતાં જ રસ્તાઓની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. ઠેરઠેર કાદવ-કિચડ અને ખાડાઓના કારણે સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાના નિરાકરણ માટે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સંજયનગર વિસ્તારના મહેશભાઈ સહિતના સ્થાનિકોએ જણાવ્યું હતું કે, તેમના વિસ્તારના રોડ-રસ્તા ઘણા સમયથી ખરાબ હાલતમાં છે. ચોમાસામાં સામાન્ય વરસાદ પડતા જ પરિસ્થિતિ વધુ વણસી જાય છે. કાદવ-કિચડના કારણે રાહદારીઓ માટે ચાલવું પણ મુશ્કેલ બન્યું છે, અને લપસી પડવાનો ભય રહે છે. વધુમાં, તેમના ઘરો સુધી વાહનો પહોંચી શકતા નથી, જેના કારણે દૈનિક અવરજવર અને શાળાના વાહનોને પણ સમસ્યાનો સામનો કરવો પડે છે. જો તાત્કાલિક ધોરણે સમારકામ હાથ ધરવામાં નહીં આવે તો ચોમાસા દરમિયાન લોકોની મુશ્કેલીઓમાં વધુ વધારો થશે.

# ગાંધીનગર ખાતે એમેન્ડેડ ભારત નેટ (ફેઝ-૩)નાં અમલીકરણ માટે મંજુરી

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર ખાતે રાજયના મુખ્ય સચિવ પંકજ જોષી તેમજ ભારત સરકારના દૂરસંચાર વિભાગના સચિવ નીરજ મિત્તલની પ્રેરક ઉપસ્થિતિમાં એમેન્ડેડ ભારતનેટ (ફેઝ -૩) ની અમલીકરણ કામગીરી કરવામાં આવી છે. જેમા ગુજરાતના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ(ડીએસટી), ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લી. (જી.એફ.જી.એન.એલ), ભારત સરકારના ડિજિટલ ભારત નિધિ (ડી.એન. એન) તેમજ ભારત સંચાર નિગમ લી. (બી.એસ.એન. એલ) ને મળી કુલ ચાર સહભાગી પક્ષો વચ્ચે રાજય કરાર સંપન્ન કરવામાં આવ્યા હતા. જેમાં ભારત સરકાર વતી અધિક સચિવ અને ડિજિટલ ભારત નિધિના એડમિનિસ્ટ્રેટ નીરજ વર્મા તેમજ ગુજરાત સરકાર વતી વિજ્ઞાન અને પ્રૌદ્યગિકી વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

# સુરતમાં પૂર જેવી સ્થિતિ, બારડોલીમાં કમર સુધી પાણી, પુણા વિસ્તાર પણ જળબંબાકાર

સુરત,તા.૨૪

સુરત જિલ્લામાં સતત બીજા દિવસે મૂશળધાર વરસાદ વરસ્યો હતો.. ગત ૨૪ કલાક દરમિયાન સુરત જિલ્લામાં સરેરાશ ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. સુરત શહેરમાં જ રાજ્યનો સૌથી વધુ ૧૩ ઈંચ જેટલો વરસાદ વરસ્યો. ગઈકાલે સવારે ૬ થી ૧૦ કલાક સુધીમાં સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં રાજ્યનો સૌથી વધુ ૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે સુરતામાં ભારે વરસાદ ખાબકતા ટેક્સટાઈલ માર્કેટમાં ભારે નુકસાન થયું છે. સુરતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩.૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. કામરેજમાં ૧૦.૬ ઈંચ વરસાદ પડ્યો છે. ત્યારે પલસાણામાં ૮.૧ ઈંચ વરસાદ વરસ્યો છે. બારડોલીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. ૩૩ તાલુકામાં ૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે



૭૨ તાલુકામાં ૧ ઈંચ વરસાદ નોંધાયો છે.

નોકરી પર જતા નાગરિકોને ભારે તકલીફ થઈ હતી. પાણી ભરાવાથી માર્ગો પર હાલત કફોડી બની છે. વરસાદી પાણીના કારણે ટ્રાફિક વ્યવસ્થા અટવાઈ છે. નગરજનોને અલર્ટ રહેવા તંત્રની અપીલ છે. આજે બીજા દિવસે સુરતના



બારડોલીમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ડીએમ નગરમાં ઘરોમાં પાણી ભરાયા છે. જેથી ફાયર વિભાગની ટીમ ડીએમ નગરમાં રેસ્ક્યુ કરવા પહોંચી છે. સ્થાનિકોએ કમર સુધીના પાણીમાં પણ ઘર છોડી જવા ફાયર વિભાગને ઈન્કાર કર્યો હતો. બારડોલીના અલગ અલગ વિસ્તારમાંથી કુલ ૧૭ લોકોનું રેસ્ક્યુ કરાયું અને સોસાયટીમાં ઘરોમાં કમરસમા પાણી ભરાયા છે. સુરતના પર્વત પાટીયા વિસ્તારમાં ગીતાનગરમાં પાણી-પાણી છે.લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. આવાસ અને આંગણવાડીમાં પણ પાણી ભરાયા છે. સુરતમાં વિયર કમ કોઝવે સંપૂર્ણ રીતે વાહન વ્યવહાર માટે બંધ કરાયો છે. કોઝવેની સામાન્ય સપાટી પાંચ મીટર છે. છે. હાલની કોઝવેની સપાટી ૬.૯૮ મીટર છે. કોઝવે પોતાની ભયજનક સપાટીથી ઉપર છે. કોઝવેનો સંપૂર્ણ માર્ગ પાણીમાં ગરકાવ થયો છે. રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે, ત્યારે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન સુરત શહેરમાં રાજ્યનો સૌથી વધુ ૧૩ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

## વરસાદને કારણે પૂરક પરીક્ષા ચુકેલા વિદ્યાર્થીઓ ફરી પરિક્ષા આપી શકશે : પ્રફુલ પાનશેરીયા

ગાંધીનગર,તા.૨૪



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાનો પ્રારંભ થયો હતો. ત્યારે રાજ્યમાં સાર્વત્રિક ભારે વરસાદના કારણે ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા આપવાથી વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારે મહત્ત્વનો અને વિદ્યાર્થી હિતલક્ષી નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, જે વિદ્યાર્થીઓ વરસાદ અને તેના કારણે સર્જાયેલી પરિસ્થિતિને કારણે પરીક્ષામાં ઉપસ્થિત રહી શક્યા નથી, તેમના માટે ફરીથી પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

## ગુજરાતમાં એક મહીનામાં ૨.૩૦ લાખ કિ.ગ્રા. કેરીનું વિક્રમી વેચાણ

ગાંધીનગર,તા.૨૪

દેશના ખેડૂતોની આવક બમણી કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરુ કરેલી ઝુંબેશમાં સહભાગી થઈ ગુજરાત સરકાર પણ રાજ્યના ખેડૂતોની આવકમાં વધારો કરવા સતત પ્રયત્નો કરી રહી છે. સાથે જ, નાગરિકોને રસાયણમુક્ત ખેત પેદાશો મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રાકૃતિક કૃષિ ઉપર વિશેષ ભાર આપી રહી છે. શહેરમાં વસતા નાગરિકોને કાર્બાઈડ ફ્રી કેરી ઘરઆંગણે મળી રહે તે માટે રાજ્ય સરકાર હસ્તકના ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં જ “કેસર કેરી મહોત્સવ-૨૦૨૫”નું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૭થી દર વર્ષે અમદાવાદ ખાતે ‘કેસર કેરી મહોત્સવ’નું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે તા. ૧૪મી મે, ૨૦૨૫થી એક મહિના સુધી ‘કેસર કેરી મહોત્સવ-૨૦૨૫’ યોજાયો હતો, જેનો કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે શુભારંભ કરાવ્યો હતો. કેરી મહોત્સવના સફળ આયોજન અંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, આ ઉનાળામાં અમદાવાદીઓએ મન મૂકીને રસાયણમુક્ત કેરીનો આનંદ માણ્યો છે. વર્ષ ૨૦૨૩માં યોજાયેલા કેસર કેરી મહોત્સવમાં ખેડૂતો દ્વારા ૨.૭૦ લાખ કિલોગ્રામ જેટલી કેરીનું વેચાણ થયું હતું, જેની સામે આ વર્ષના કેરી મહોત્સવમાં ખેડૂતો દ્વારા કેરીનું અત્યાર સુધીનું સૌથી વિક્રમી વેચાણ કરવામાં આવ્યું છે. માત્ર એક મહિનાના સમયગાળામાં જ ખેડૂતોએ રૂ. ૪ કરોડની કિંમતની ૩.૩૦ લાખ કિલોગ્રામથી વધુ કેરીનું વેચાણ કરીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

## સુરતની ખાડીમાં ત્રણ યુવકો તણાયા બેનો બચાવ, એકને શોધવા કવાયત

સુરત,તા.૨૪



સુરત ખાડીમાં ત્રણ યુવક તણાયા હતા. ફાયર બ્રિગેડે બેનો બચાવ કર્યો હતો જ્યારે એક યુવક હજુ ગુમ છે. પુણા-કુંભારિયા વિસ્તારમાં આવેલી એક ખાડીમાં આજે સવારે બનેલી ઘટનામાં એક યુવક ખાડીના પ્રવાહમાં તણાઈ ગયો હતો. ફાયર બ્રિગેડ દ્વારા યુવકની શોધખોળના પ્રયાસો યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી અનુસાર આજે સવારે ત્રણ જેટલા યુવકો ખાડી પાસે હતા ત્યારે અચાનક પાણીનો પ્રવાહ વધતા તેઓ ફસાઈ ગયા હતા. આ પૈકી બે યુવકોને ફાયર બ્રિગેડ દ્વારા સફળતાપૂર્વક રેસ્ક્યુ કરીને ખાડીમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, ૧૮ વર્ષીય અર્જુન નામનો યુવક હજુ પણ લાપતા છે અને તેની શોધખોળ ચાલી રહી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## પ્લેન ક્રેશની ઘટનામાં મૃતકોના પરિવારોને વળતર આપવાનું શરૂ

અમદાવાદ,તા.૨૪



ગત ૧૨ જૂનના રોજ બપોરના ૧.૪૦ વાગ્યે અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ નં.૧૭૧ ક્રેશ થઈ હતી. આ દુર્ઘટનામાં પ્લેનમાં સવાર ૧૨ ક્રૂ-મેમ્બર સહિત ૨૪૨માંથી ૨૪૧નાં તેમજ જ્યાં ક્રેશ થયું એ સ્થળ પર ૩૦-૩૫ લોકો મળીને ૨૭૫ જેટલા લોકોનાં મોત થયાં હતાં.૨૩ જૂન, ૨૦૨૫ સુધીમાં ૨૫૩ મૃતકનાં DNA સેમ્પલ મેચ થયાં હતાં, જેમાંથી ૨૪૦ પેસેન્જર અને ૧૩ નોન-પેસેન્જર છે. કુલ ૧૯ નોન-પેસેન્જરના પાર્થિવદેહ સોંપાયા, જેમાં ૧૩ની ઓળખ DNA રિપોર્ટથી અને ૬ની ઓળખ ચહેરાથી કરાઈ છે.આ તમામ મૃતકોના પરિવારને ટાટા ગ્રુપ દ્વારા ૧ કરોડ તથા એર ઈન્ડિયા દ્વારા ૨૫ લાખ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પ્લેન ક્રેશ પીડિત પરિવારોને ઝડપથી સહાય મળી શકે એ માટે અમદાવાદના સિંધુ ભવન રોડ પર આવેલી તાજ હોટલમાં ફેસિલિટેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે, જ્યાં મૃતકો અને ઈજાગ્રસ્તોના પરિવારને રૂબરૂ બોલાવવામાં આવી રહ્યા છે. ૨૩ જૂન સુધીમાં ત્રણ મૃતકના પરિવારને વળતર ચૂકવી દેવામાં આવ્યું છે.

## તા. ૧ જુલાઈએ રાજયને નવા ડીજીપી મળે તેવી સંભાવના

અમદાવાદ,તા.૨૪

ગૃહ વિભાગમાં IPSમાં સૌથી ઊંચો હોદ્દો હોય છે DGP ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ, એટલે રાજ્યના પોલીસવડા. જૂન મહિના અંતમાં ગુજરાતના ડીજીપી વિકાસ સહાય સમયમર્યાદા પૂર્ણ થતાં નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે નવા ડીજીપી કોણ બનશે, એવી ચર્ચા બ્યૂરોક્રેસીમાં જોરશોરથી ચાલી રહી છે. નવા ડીજીપીને ગુજરાતના પોલીસબેડાની કમાન સોંપવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. સરકારે પાંચ અધિકારીની યાદી કેન્દ્ર સરકારમાં મોકલી આપી છે. સામાન્ય રીતે સિનિયર અધિકારીઓ પણ ડીજીપી બનવા માટે એડીચોટીનું જોર લગાવતા હોય છે. હાલના કાર્યરત ડીજીપી વિકાસ સહાય ૩૦ જૂનના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. વિકાસ સહાય બાદ સિનિયોરિટી અનુસાર ડો કે.એલ.એન રાવ અને તેમના બાદ સરકારની નજીક ગણાતા જી.એસ.મલિક (અમદાવાદ શહેર પોલીસ કમિશનર)ને ડીજીપી બનાવી શકાય એવી શક્યતા સેવાઈ રહી છે. આ બે અધિકારી માટે વધારે અટકળો ચાલી રહી છે, પણ બીજા અધિકારીનાં નામો પણ ચર્ચાઈ રહ્યાં છે.






## હાઈકોર્ટ, રાજકોટ કોર્ટ અને વડોદરા શાળાને બોમ્બની ધમકી મળતા લોકોમાં અફરાતફરી

અમદાવાદ,તા.૨૪



ગુજરાતમાં સુરક્ષાને લઈને ચિંતાજનક ઘટનાઓનો સિલસિલો ચાલુ છે. ગુજરાત હાઈકોર્ટ અને રાજકોટની સ્થાનિક કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ બાદ હવે વડોદરાની રિફાઈનરી, CBSE શાળાને પણ સતત બીજા દિવસે ધમકીભર્યો ઈ-મેલ મળ્યો છે. આ ઘટનાઓએ રાજ્યભરમાં ભય અને અફરાતફરીનો માહોલ ઊભો કર્યો છે. સ્થાનિક પોલીસ,એસઓજી, બોમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને સાયબર ક્રાઈમ બ્રાન્ચની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને સઘન તપાસ હાથ ધરી છે.

આજે રાજકોટની સ્થાનિક કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો. આ ઈ-મેલની જાણ થતાં જ રાજકોટ પોલીસે તાત્કાલિક પગલાં લીધાં. SOG, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમો કોર્ટ પરિસરમાં પહોંચી ગઈ અને સઘન ચેકિંગ શરૂ કર્યું હતુ.





